
ફેબ્રુઆરી ૨૦૧૫

# દાદાવાણી

કિંમત ₹ ૧૦



આત્મા પ્રાપ્ત કર્યો હોય ત્યાં સંયમ હોય. એટલે આપણા મહાત્માઓ બધા સંયમી કહેવાય. આ તમે પાંચ આજ્ઞા પાળો, તેમાં તમને નિરંતર આંતરિક સંયમ જ હોય. એ સંયમ જ મોક્ષ ભણી લઈ જાય.

તંત્રી : ડિમ્પલ મહેતા
વર્ષ : ૨૦, અંક : ૬
સળંગ અંક : ૨૩૪
**ફેબ્રુઆરી ૨૦૧૫**

**સંપર્ક સૂત્ર :**
અડાલજ ત્રિમંદિર,
સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email: dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી ફરિયાદ માટે : 8155007500

**Printed & Published by**
**Dimple Mehta** on behalf of
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Owned by**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.
**Published at**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
કુલ ૨૮ પેજ કવર પેજ સાથે

**લવાજમ (ગુજરાતી)**
**૧૫ વર્ષ**
ભારત : ૭૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૦૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## આંતરિક સંયમ થકી પમાય પૂર્ણતા

### સંપાદકીય

સામાન્ય રીતે એવું સાંભળવામાં આવે છે કે ભગવાનનો સાક્ષાત્કાર કરવા, આત્માને ઓળખવા, મોક્ષ મેળવવા માટે સંસારના મોહ-માયા, લક્ષ્મીનો ત્યાગ કર્યા વગર, સંયમ લીધા વગર આ સંભવ નથી. પણ હકીકતમાં ત્યાગ એ સંયમ નથી અને લૌકિકમાં જે સંયમ મનાય છે, તે ભગવાનની ભાષાનો સંયમ નથી. તો પછી ખરો સંયમ કોને કહેવો ? સંયમ બે પ્રકારના: એક બાહ્ય સંયમ અને બીજો અંતર સંયમ. બાહ્ય સંયમ એટલે ઘર-બાર છોડી, વેશ-બેશ બદલી, દીક્ષા લઈને સંસારનો ત્યાગ કરે અને ગુરુની આજ્ઞામાં રહી ક્રોધ-માન-માયા-લોભને ક્રમે ક્રમે ઘટાડે. પણ જેનામાં રાગ-દ્વેષ હોય, ઉઘાડા કષાયો હોય તે બધા અસંયમી કહેવાય, પછી એ ત્યાગી હોય કે ગૃહસ્થી હોય. અને આંતરિક સંયમ એટલે આત્મજ્ઞાની પાસે જ્ઞાન સાંભળવાથી ધીમે ધીમે ભાવ સંયમ ઉત્પન્ન થાય. એક ફેરો જ્ઞાની પુરુષના દર્શન કર્યા હોય તોય ભાવ સંયમ ઉત્પન્ન થાય. સાચો સંયમ આત્માની હાજરીમાં ઉત્પન્ન થાય. પોતાના સ્વરૂપની પ્રતીતિ બેસે ત્યારથી સાચા સંયમમાં આવે.

અહંકારે કરીને જે કરવામાં આવે તે બધોય ત્યાગ કહેવાય. ભગવાને આને નિશ્ચયથી નિયમ કહ્યો છે. નિયમ એટલે એ કાળે એનું મન તે પ્રમાણે જ કાર્ય કરે, નિયમના આધીન. યમ કોને કહેવાય ? નિયમમાં આવવાની ઈચ્છા થાય, ત્યારથી યમમાં આવ્યા કહેવાય. જ્યારે સંયમમાં આવ્યો એટલે છેડો આવી ગયો. પોતાના ક્રોધ-માન-માયા-લોભથી પોતાને એકલાને જ અસર થાય, બીજા કોઈનેય કિંચિત્‌માત્ર દુઃખ ના થાય ત્યાંથી સંયમ કહેવાય. તે સંપૂર્ણ ક્રોધ-માન-માયા-લોભ પૂરા ખલાસ થતા સુધી સંયમ કહેવાય. ભયંકર ઉપસર્ગમાં સંયમ રહે તે સાચો સંયમ.

આંતરિક સંયમ રહે એને મહાત્મા કહેવાય. કષાય કરતો હોય ત્યાં સુધી મહાત્મા કહેવાય નહીં. આંતરિક સંયમ કોને કહેવાય ? ચંદુલાલ (ફાઈલ નં ૧) ક્રોધ કરે પણ પોતે અંદરથી મહીં ના પાડ્યા કરે. અરેરે ! આ કેમ થાય એવું રહે, એને આંતરિક સંયમ કહેવાય. પાંચ આજ્ઞા પાળીએ એમાં આંતરિક સંયમ જ હોય નિરંતર. એ સંયમ મોક્ષ ભણી લઈ જાય.

જ્ઞાન લીધા પછી જે માલ ભરેલો હોય સંયમવાળો કે અસંયમવાળો, તે ઉદયમાં આવે તેને આપણે વીતરાગભાવે જોવો એ સંયમ. અસંયમ ઉપર સંયમ એનું નામ સંયમ. કોઈ ટૈડકાવે, ગાળો આપે, અપમાન કરે એ તો બહુ જ હિતકારી. ખરાબ ઉદય તો આપણને સંયમી બનાવે. બહુ સુંવાળા ઉદય હોય તો તે સંયમી ના બનાવે. બહુ ભારે કર્મ આવે ને આજ્ઞામાં રહીએ તો જબરજસ્ત આત્મશક્તિ પ્રગટ થાય. અને સંયમનો કાયદો કેવો છે ? મલ્ટિપ્લિકેશનથી શક્તિ વધે, જાગૃતિ વધે અને જુદા રહેવાથી સંયમ પરિણામ ઉત્પન્ન થાય. અને એ સંયમ પરિણામ જ વ્યવહારથી મુક્તિ કરાવી નિશ્ચયની પૂર્ણતા કરાવશે.

પ્રસ્તુત સંકલનમાં બાહ્ય સંયમથી માંડીને ઠેઠ સંપૂર્ણ અંતર સંયમ સુધીની સૈદ્ધાંતિક સમજ પરમ પૂજ્ય દાદાશ્રીની વાણીમાંથી પ્રાપ્ત થાય છે. જે મહાત્માઓને યથાર્થ સંયમ સુધી પહોંચી મોક્ષમાર્ગની પૂર્ણતાના પુરુષાર્થ માટે મદદરૂપ થશે એ જ અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# આંતરિક સંયમ થકી પમાય પૂર્ણતા

## સંયમથી સધાય મોક્ષ

**પ્રશ્નકર્તા** (મુમુક્ષુ) **:** સંયમ લીધા સિવાય મોક્ષ મળે ખરો ?

**દાદાશ્રી :** સંયમ લીધા સિવાય કોઈ દહાડો કોઈનો મોક્ષ થયેલો નહીં. કેમ આવો પ્રશ્ન પૂછવો પડ્યો ?

**પ્રશ્નકર્તા :** સાહેબ, એવો સંશય કોઈ વખત જાગી જાય, અમુક વ્યક્તિઓ એમ કહે કે સંયમ લીધા સિવાય મોક્ષ મળે છે. એટલે પ્રશ્નના જવાબ માટે જ આ પ્રશ્ન પૂછયો છે.

**દાદાશ્રી :** ના, પણ તમે સંયમને ઓળખો છો ખરા ? સંયમ શાને કહો છો ?

**પ્રશ્નકર્તા :** જે ચારિત્ર પાળે એને.

**દાદાશ્રી :** શેને ચારિત્ર કહો છો ? કપડાં પહેરે (ત્યાગી વેશ ધારણ કરે) એટલે ચારિત્ર થઈ ગયું ?

**પ્રશ્નકર્તા :** કપડાં પહેરે એટલે તો નહીં, પણ પોતે સંયમના માર્ગે રહે અને ચારિત્ર પાળે, એને સંયમ મનાય છે.

**દાદાશ્રી :** તમે સમજો નહીં, ને સંયમ ઓળખ્યા વગર તમે લોકોને કહો, સંયમ પાળ્યા વગર શી રીતે મોક્ષે જશો ? અલ્યા, પણ સંયમ શી રીતે ઓળખ્યો તેં ? કોઈ સંયમને ઓળખે છે ? સંયમ તો (આત્મજ્ઞાન વગર) માણસ ના ઓળખી શકે.

## સંયમની વ્યાખ્યા ?

**પ્રશ્નકર્તા :** સંયમની વ્યાખ્યા શું કરો છો, એ ખ્યાલ નહીં આવ્યો.

**દાદાશ્રી :** તમે સંયમની શું વ્યાખ્યા કરો છો ? સંયમની વ્યાખ્યા હોવી જોઈએ ને ?

**પ્રશ્નકર્તા :** જેનામાં રાગ-દ્વેષ ના હોય.

**દાદાશ્રી :** હં, રાગ-દ્વેષ ના હોય, એ તો વીતરાગ જ કહેવાય જાણે કે, સંયમી પુરુષ તો એથી નીચેના હોય, ડાઉન હોય. રાગ-દ્વેષ ના હોય, એ તો બહુ ઊંચું પદ કહેવાય.

**પ્રશ્નકર્તા :** તો પછી સંયમ કોને કહેવાય ?

**દાદાશ્રી :** હવે સંયમ કોને કહેવાય એ કહું. બે પ્રકારના સંયમ; એક બાહ્ય સંયમ અને એક અંતર સંયમ. બાહ્ય સંયમથી બૈરા-છોકરાં છોડી, વેશ-બેશ બદલી, દિક્ષા-ભિક્ષા લઈને ખાય અને ગુરુની આજ્ઞામાં રહે. ક્રોધ-માન-માયા-લોભને ધીમે ધીમે, ક્રમે ક્રમે ઘટાડે, ત્યારે એ બાહ્ય સંયમ કહેવાય. અંદરનો સંયમ કોને કહેવાય કે ક્રોધ-માન-માયા-લોભ હોય નહીં, અને હોય તો સામાને નુકસાન ન કરે એવા હોય. અહંકાર-મમતા ના હોય. એ અંદરના સંયમથી મોક્ષ અને આ બાહ્ય સંયમથી ઊંચી ગતિ મળે.

સંયમ એટલે કષાયોનો સંયમ થવો, રાગ-દ્વેષનો સંયમ થવો, ક્રોધ-માન-માયા-લોભનો સંયમ થવો, એનું નામ સંયમ કહેવાય. એ તો ભરચક, ભરપટ પડ્યા છે. જરાક સળી કરીએને, તે પહેલા સળી કરતા પહેલા છે તે ઊભા થઈ જાય, એને સંયમ કેમ કહેવાય ?

## મોક્ષદાતાના શરણે મુક્તિ

**પ્રશ્નકર્તા :** તોય દ્રવ્યથી તો સંયમ લીધેલો જ છે ને ?

**દાદાશ્રી :** એ કામમાં ના આવે, એ તો ભાવ સંયમ જોઈએ. દ્રવ્ય સંયમ તો અનંત અવતાર સુધી આનું આ જ કર કર કર્યું છે ! ભાવ સંયમ વગર આત્મા ઓળખાય નહીં. આ બાહ્ય સંયમ તો અનંત અવતાર લીધો, આ બાહ્યનો સંયમ તે બધો અનંત

અવતાર સુધી કર્યો પણ આંતર સંયમ ઉત્પન્ન થયો નથી, ત્યાં સુધી આત્મા કેમ ઓળખાય ?

**પ્રશ્નકર્તા :** ભાવ સંયમ કેવી રીતે ઓળખાય ?

**દાદાશ્રી :** જ્ઞાને કરીને. જ્ઞાન શેનું ? આત્માનું જ્ઞાન. આત્માનું જ્ઞાન ક્યાં હોય ? શાસ્ત્રોમાં શબ્દરૂપે હોય, પણ સાચું જ્ઞાન જ્ઞાની પાસે હોય. એ ત્યાં આગળ આપણો ઉકેલ આવે, નહીં તો કોઈ કાળે ઉકેલ આવે નહીં. એ તો આત્મજ્ઞાનીની પાસે (જ્ઞાનનો) પરિચય થવાથી, એમનું જ્ઞાન સાંભળવાથી, ધીમે ધીમે ભાવ સંયમ ઉત્પન્ન થતો જાય.

એટલે ભાવ સંયમ ઉત્પન્ન ન થાય, ત્યાં સુધી આત્માની બધી વાતો કામ લાગે નહીં. એક ફેરો જ્ઞાનીના દર્શન કર્યા હોય તોય ભાવ સંયમ ઉત્પન્ન થાય થોડો-ઘણો, અંશે થાય. જ્ઞાની પુરુષના દર્શન જ ના કર્યા હોય, તો શી રીતે થાય તે ?

આત્મા પ્રાપ્ત થયા સિવાય સંયમ ના હોય. અગર તો આત્મા પ્રાપ્ત ના થયો ને જ્ઞાની પુરુષ ભેગા થયા હોય, એમના દર્શનથી સંયમ પ્રાપ્ત થાય. એમની આજ્ઞામાં આવે તો એ સંયમ પ્રાપ્ત થાય. આજ્ઞારૂપી સંયમની પહેલી શરૂઆત થાય, પછી મૂળ સંયમની શરૂઆત થાય. અને એવા સંયમ વગર મોક્ષ થાય નહીં.

## ભાવ સંયમ થકી આત્મરમણતા

**પ્રશ્નકર્તા :** આત્મામાં રમણતા કેવી રીતે કરી શકાય ?

**દાદાશ્રી :** ભાવ સંયમમાં આવે તો. ભાવ સંયમમાં આવે એટલે આત્માની રમણતા જ છે ને ! ચંદુભાઈ*, તમારે (આ જ્ઞાન લીધા પછી) આત્મા ભૂલી જવાય છે ? કેટલો વખત ભૂલી જવાય છે ?

**પ્રશ્નકર્તા :** થોડો ટાઈમ થાય, એટલે તરત યાદ આવી જાય.

**દાદાશ્રી :** આવી જાય છે ને ? એની મેળે આવે, યાદ ના કરવું પડે એ ભાવ સંયમ અને યાદ કરવું પડે એ દ્રવ્ય સંયમ. સમજાયું તમને ?

કૃપાળુદેવે કહ્યું કે 'મોક્ષદાતાને શરણે જવું પડે, શરણ સ્વીકારવું પડે, તો એક કલાકમાં મુક્તિ થાય.' કારણ કે ભગવાનનું શરણું સ્વીકારવાનું, આટલું જ છે ! બીજું કશું નહીં. આ અક્રમ માર્ગ, વીતરાગોનો જ માર્ગ છે. વીતરાગના માર્ગ વગર કોઈ જગ્યાએ મુક્તિ ના હોય, સંપૂર્ણ મુક્તિ ના હોય, આત્યંતિક મુક્તિ ના હોય. ભાવ સંયમમાં આવ્યા સિવાય કોઈની મુક્તિ થયેલી નહીં. આ દ્રવ્ય સંયમ તો કેફી છે, ઊલટો કેફ ચઢે (એનાથી). પાંચ મહાવ્રત ધરાવનાર કોઈ પણ છે નહીં અત્યારે. પાંચ મહાવ્રત ક્યાંથી લાવે ? પાંચ મહાવ્રત એ ભાવ સંયમના છે. અણુવ્રત ને મહાવ્રત એ ભાવ સંયમના છે. દ્રવ્ય સંયમમાં અણુવ્રત-મહાવ્રત હોય નહીં, પણ લૌકિકમાં ચાલ્યા કરે છે. આ લૌકિક છે બધું.

## ભાવ સંયમી જુએ નિજ દોષો

**પ્રશ્નકર્તા :** લોકોત્તર (અલૌકિક) ક્યારે જણાશે ?

**દાદાશ્રી :** લોકોત્તર તો ભાવ સંયમમાં આવે ત્યારે એ સાચા મહાવ્રત અને સાચા અણુવ્રત ઉત્પન્ન થાય. ભાવ સંયમમાં આવ્યા પછી પોતાને પોતાના દોષ દેખાય અને એ દોષનું નિવારણ કરે. નવા દોષ ઉત્પન્ન થાય તેનું નિવારણ કરે. એ દોષો બધા ધો ધો જ કરે. જ્યાં સુધી ભાવ સંયમમાં આવ્યો નથી, ત્યાં સુધી પોતાના દોષ દેખાય નહીં, સામાના દોષ જોઈ આપે. સામાના દોષ જોઈ આપે કે ના જોઈ આપે ? એ બધું આવડે, નહીં ? તમને પોતાના દોષ કેટલા દેખાય ?

**પ્રશ્નકર્તા :** હા, સામાના દોષ જોતા આવડે. બરાબર આવડે, હં.

**દાદાશ્રી :** એટલે એનું નામ જ દ્રવ્ય સંયમ, અને ત્યાં મહાવ્રત છે નહીં, અણુવ્રત છે નહીં.

* ચંદુભાઈની જગ્યાએ વાચકે પોતાનું નામ સમજવું.

**પ્રશ્નકર્તા :** પોતાના દોષ જોનારા તો કોઈક જ હોય.

**દાદાશ્રી :** પોતાના દોષ કેમ કરીને દેખાય ? અને કો'ક પૂછે કે તમારામાં કેટલા દોષ છે ? ત્યારે કહે, મારે બે-ત્રણ દોષ છે, વધારે નથી. બે-ત્રણ દોષ કહી આપે. અને પછી કહે, બીજા કંઈ મારામાં દોષ નથી. આનામાં બહુ છે, કહેશે. (પોતાના) દોષ જોનારો થાય તો તો પછી ભગવાન જ થવાનો થયો, તૈયારી થઈ. ભાવ સંયમ સમાધિ, ભાવ સંયમમાં આવવાની શરૂઆત થઈ ગઈ.

## આત્માની હાજરીમાં રહે સંયમ

નિરંતર સંયમ રહેવો જોઈએ. હજુ તમે સંયમનો છાંટોય જોયો નથી. મનમાં માનીએ એટલું જ કે આપણે કંઈક સંયમ કર્યો. સંયમ તો સંયમ જ કહેવાય. એક બાજુ દોષ થાય ને એક બાજુ જાગૃતિ તૈયાર જ હોય. સંયમમાં ને સંયમમાં હોય. પુદ્‌ગલ ને આત્મા બે જુદા પડેલા હોય.

સાચો સંયમ આત્માની હાજરીમાં ઉત્પન્ન થાય. પોતાના સ્વરૂપની પ્રતીતિ બેસે ત્યારથી સાચા સંયમમાં આવે. ત્યાર પછી જ પોતાના દોષો દેખાય, અને તેના પ્રતિક્રમણ કરે, એ સાચો સંયમ.

## અહંકારે થતો ત્યાગ એ નથી સંયમ

આ સંયમ તો ભગવાનનો શબ્દ કહેવાય. સંયમનો અર્થ અત્યારે લોકો ક્યાંનો ક્યાં લઈ ગયા છે ! ભગવાનની ભાષાનો શબ્દ એકદમ નીચલી કક્ષામાં લઈ ગયા છે. ભગવાનની નિશ્ચય ભાષા વ્યવહારમાં લાવ્યા છે. અત્યારે લોકો જેને સંયમ કહે છે પણ ખરેખર તે સંયમ ના કહેવાય. આ તો કંટ્રોલ કર્યો કહેવાય. તે 'કંટ્રોલ' મનુષ્યોનો ઓછો હોય છે માટે તેમને 'કંટ્રોલ' કરવો પડે છે. જાનવરો માત્ર બધા કંટ્રોલવાળા છે. મનુષ્ય એકલા જ 'ડિકંટ્રોલ'વાળા છે. પોતાનું ભાન જ નથી.

**પ્રશ્નકર્તા :** સમજીને કંટ્રોલમાં આપણે રહીએ, તો એ સંયમને ?

**દાદાશ્રી :** આ બધા 'કંટ્રોલ'માં રહે છે, 'આઉટ ઑફ કંટ્રોલ' (અસંયમી) નથી થતા. એને સંયમ નથી કહેવાતો.

સંયમ તો જુદી જ વસ્તુ છે, એને સંયમધારી કહેવાય. જેને યમરાજા પકડે નહીં એનું નામ સંયમી ! સંયમધારીને ભગવાને વખાણ્યા છે. સંયમધારીના તો દર્શન કરવા પડે, જેણે યમરાજાને વશ કર્યા છે !

**પ્રશ્નકર્તા :** યમરાજાને વશ કર્યા છે, એ કેવી રીતે ?

**દાદાશ્રી :** યમરાજા વશ થયા ક્યારે કહેવાય કે જેને મરણની બીક ના લાગતી હોય, 'હું મરી જઈશ, હું યમરાજાના કબજામાં છું' એવું ના લાગતું હોય તે સંયમધારી કહેવાય.

**પ્રશ્નકર્તા :** આપે જે સંયમનો અર્થ કર્યો એ તો ઉત્તમ છે, પણ જગત સંયમનો અર્થ કંઈ બીજો જ કરે છે.

**દાદાશ્રી :** શું કરે છે ?

**પ્રશ્નકર્તા :** કંઈક કંટ્રોલ કરવો, પોતાની જે વૃત્તિઓ પર કંટ્રોલ કરવો, બ્રહ્મચર્યમાં આવવું એ સંયમ થયો.

**દાદાશ્રી :** પણ હઠયોગ છે એ. એ મનમાં જોર કરે એટલું જ, અહંકાર કરે એટલું જ. સંયમ તો જુદો જ દેખાવો જોઈએ. અહંકારે કરીને જે કરવામાં આવે તે બધોય ત્યાગ.

ભગવાને વિષયોના સંયમને ત્યાગ કહ્યો છે, ફક્ત કષાયના સંયમને સંયમ કહ્યો છે. ક્રોધ-માન-માયા-લોભનો સંયમ હોય, એનું નામ સંયમ. કષાયના સંયમને લઈને જ આ (સંસારથી) છૂટે છે, કષાયના અસંયમથી તો બંધન છે.

## કષાયોના સંયમને કહ્યો સંયમ

આ ત્યાગ છે એ તો વસ્તુઓનો ત્યાગ છે, લક્ષ્મીનો ત્યાગ છે, વિષયોનો ત્યાગ છે, એમાં તો ના કહેવાય નહીં પણ એને ત્યાગ કહેવાય. ત્યાગીઓનુંય પદ સારું છે, પણ એ સંયમી ના કહેવાય. સંયમી તો લોક આને કહે કે આ સંયમી છે. લોકને સમજણ નથી કે સંયમનો શું અર્થ છે ? એ ભગવાનની ભાષાનો સંયમ ના કહેવાય. આ ત્યાગ કરે એને સંયમી ના કહેવાય, ત્યાગી કહેવાય.

'જ્ઞાની' અને ત્યાગીમાં ફેર એટલો જ, 'જ્ઞાની' સંયમી હોય અને ત્યાગી નિયમી હોય. 'જ્ઞાની' સિવાય બીજે સંયમ હોય નહીં. અને આ બીજા છે, એ ત્યાગી કહેવાય. ત્યાગી નિયમધારી કહેવાય અને જ્ઞાની સંયમધારી કહેવાય. જ્ઞાની સિવાય સંયમધારી કહેવાય જ નહીં.

## ત્યાગ-યમ-નિયમ

આ ત્યાગ-બ્યાગ કરે એ તો ત્યાગી પુરુષ કહેવાય. ત્યાગી પુરુષ બધા યમ-નિયમમાં આવી ગયા. (પાંચ મહાવ્રત ને બદલે) પાંચ યમ અને પાંચ નિયમ હોય. ત્યાગીઓ નિયમમાં હોય કે આટલા વાગ્યે આહાર વહોરવા જવું, આટલા વાગે ખાવું, આટલા વાગે ઊઠવું, બધું નિયમબદ્ધ હોય. તેયે પાછા નિયમ બધા ના જ પાળતા હોય.

નિયમ એટલે એ કાળે એનું મન તે પ્રમાણે જ કાર્ય કરે, નિયમના આધીન જ. તમે નિયમમાં આવેલા બધી રીતે કે થોડું ઘણું કાચું છે ?

**પ્રશ્નકર્તા :** બધી રીતે નહીં.

**દાદાશ્રી :** એમ ? તો પછી સંયમ તો જોયેલો જ ના હોયને ? ક્રોધ-માન-માયા-લોભ છે કે હજુ ? કે જતા રહ્યા ?

**પ્રશ્નકર્તા :** એ ક્રોધ ને લોભ ને બધું હોય જ ને સાહેબ અમારે તો.

**દાદાશ્રી :** અને નિયમમાં ના હોય, તે યમમાં હોય ને યમમાં ના હોય તે નકામા.

**પ્રશ્નકર્તા :** યમ કોને કહેવાય, દાદા ?

**દાદાશ્રી :** યમ એટલે ઈચ્છા નિયમમાં આવવાની. નિયમમાં આવવાની ઈચ્છાઓ ઉત્પન્ન થાય, ત્યારથી યમમાં આવ્યો કહેવાય. ભાવના હોય કે મારે આમ કરવું છે, તેમ કરવું છે. નિયમમાં ન રહેવાતું હોય તે બધું યમમાં જાય. નિયમમાં રહેવાય ત્યારે પછી નિયમ કહેવાય, ત્યાં સુધી નિયમ કહેવાય કેવી રીતે ? આપણી ભાવના હોય કે મારે આમ કરવું છે, તેમ કરવું છે, મારે નિયમ રાખવો જ છે. તે (રહે) નહીં ત્યારે બધું યમમાં જાય. અને નિયમમાં આવી ગયો, એટલે આ જ્ઞાની પુરુષે કહ્યું કે એક દહાડામાં એક વખત વાંચવું એટલે નિયમ પ્રમાણે વાંચે. એકુય દહાડો જાય નહીં, તે નિયમમાં આવી ગયો.

નિયમમાં આવ્યો એટલે સંયમની ઈચ્છા થાય. હા, પણ સંયમ કેવી રીતે થાય ? સંયમ તો આત્મા પ્રાપ્ત થયા સિવાય હોય નહીં. જ્યાં સુધી આત્મા પ્રાપ્ત ના થાય એટલે જ્યાં સમ્યક્ દૃષ્ટિ પણ ન થાય, ત્યાં સુધી સંયમ હોય નહીં.

## સંયમધારીને ના બંધાય કર્મ

સંયમ એ તો બહુ મોટી વસ્તુ છે. સંયમ(માં આવ્યો) એટલે તો ભગવાનનો પુત્ર કહેવાય. સંયમ આવ્યો એટલે બધું આવી ગયું. યમ-નિયમ છૂટયા ને સંયમ આવ્યો એટલે છેવાડો આવી ગયો.

સંયમી ને ભગવાનમાં છેટું ના હોય. અને સંયમમાં આવી ગયા ત્યારથી આપણે જાણવું કે (કારણ) મોક્ષ થયો ને કર્મ બંધાતા બંધ થયા. સંયમધારીને કર્મ બંધાય નહીં અને કર્મ બંધાય તો સંયમધારી નહીં.

કર્મ બાંધે નહીં એ સંયમી. છતાંય ક્રમિક માર્ગના હિસાબે સંયમી કર્મ બાંધે, તો પણ કેવું ?

કષાય રહિત દશા હોય, મંદ કષાય દશા હોય. જે કષાય કોઈને દેખાય નહીં, કોઈને નુકસાન ન કરે એવા મંદ કષાય હોય. પણ કષાયોનો સંયમ એનું નામ જ સંયમ.

## કષાય હોય ત્યાં ના હોય સંયમ

સંયમ તો કોને કહેવામાં આવે છે ? ક્રોધ-માન-માયા-લોભ ઉપર જેટલો કંટ્રોલ આવ્યો, એનું નામ સંયમ.

ક્રોધ-માન-માયા-લોભનો સંયમ કરે, કંટ્રોલ (નિયંત્રિત) કરે, સંપૂર્ણ કંટ્રોલ હોય. કંટ્રોલ કોને કહેવાય ? કે પોતાના ક્રોધ-માન-માયા-લોભથી કોઈનેયે દુઃખ ના થાય. પોતાને એકલાને જ અસર થાય, બીજા કોઈને કિંચિત્‌માત્ર દુઃખ ના થાય તે સંયમ કહેવાય. ત્યાંથી ક્રોધ-માન-માયા-લોભ સંપૂર્ણ જાય ત્યાં સુધી સંયમ કહેવાય. બાકી જે ઉઘાડા (કષાય) કરતા હોય કો'કની જોડે જેમ કૂતરું ભસે છે, એ ખબર પડી જાયને આપણને ? એવું માણસનો ક્રોધ જે ખબર પડી જાય આપણને, તો તો પછી સંયમ જ નથીને ત્યાં આગળ. લોભ ઉઘાડો પડી જાય. લોભ ઉઘાડો ના પડી જાય ? તમને ખબર પડી જાય ને કે આ લોભિયા છે ? એટલે સંયમ કોને કહેવાય, સમજ્યાને તમે ? સંયમનો અર્થ સાચી રીતે સમજવો જોઈએ ને ?

ક્રોધ-માન-માયા-લોભનો સંયમ હોય, એનું નામ સંયમ. એટલે ક્રોધ-માન-માયા-લોભને સંયમમાં લેવા. કારણ કે જગત આખું ક્રોધ-માન-માયા-લોભથી બંધાયેલું છે, જીવમાત્ર અને એ કષાયો જ એને દુઃખ દે છે નિરંતર. ભગવાન કંઈ દુઃખ દેતા નથી બીજું કશું. એ કષાયો શેનું ફળ છે ? ત્યારે કહે, (અજ્ઞાનતાથી બંધાયેલા) એના કર્મના ઉદયનું ફળ છે.

## સંયમથી વર્તે સમાધિ

સંયમ તો કષાયની હાજરીમાં (કષાય થાય ત્યારે) રહેવો જોઈએ. એને ભગવાને સંયમ કહ્યો છે. આ મન-વચન-કાયાની અસંયમ દશામાં સંયમ રાખવો એનું નામ સંયમ કહેવાય.

સંયમ તો ભરત રાજાને તેરસો રાણીઓમાં રહ્યો હતો, 'સંયમ' તો જુદી વસ્તુ છે. જેને મારાપણું ના હોય, બોલે ખરા કે આ મારું છે પણ મારાપણું ના હોય. એ આપને સમજાય ? (એ સંયમથી પછી નિરંતર સમાધિ વર્તે.) સમાધિ શેને કહેવાય ? ઉપાધિની મહીં સમાધિ રહે એનું નામ સાચી સમાધિ.

**પ્રશ્નકર્તા :** ઉપાધિમાં સમાધિ ?

**દાદાશ્રી :** હા, ઉપાધિ ના હોય તો જેમ આ કૂતરું ભૂખ્યું હોયને, તે બે-ત્રણ રોટલી આપી દીધી હોય તો પછી એને સમાધિ જ છે ને આખી રાત ! એ કૂતરાની સમાધિ કહેવાય. (આ તો) ઉપાધિમાં સમાધિ રહેવી જોઈએ. ભયંકર ઉપસર્ગમાં છે તે સંયમ રહેવો જોઈએ, એનું નામ સંયમ કહેવાય.

**પ્રશ્નકર્તા :** ભયંકર ઉપસર્ગમાં સંયમ રહે એ સાચો સંયમ ?

**દાદાશ્રી :** હા, ઉપસર્ગમાં સંયમ (રહેવો જોઈએ). નહીં તો આ દેહના સંયમ તો બધા ઉદયાધીન છે, એ સંયમ ના કહેવાય. મનનો સંયમ એ સ્વાધીન, એ જ સંયમની શક્તિ છે. ઉપસર્ગ થાય ને (કોઈ ધોલ મારે), તે વખતે જ્ઞાન હાજર રહે અને બિલકુલ આનંદ ભાવે ધોલ ખાય. નહીં તોય ધોલ ખાવી તો પડે જ છે ને ? રડીને ખાય છે આખું જગત. રડીને તો આખું જગત ધોલ ખાય છે કે નથી ખાતું ? કેટલાક છટકી જતા હશે એવું લાગે છે ?

**પ્રશ્નકર્તા :** કોઈ છટકે નહીં.

**દાદાશ્રી :** કોઈ છટકી જતા નથી, નહીં ? આ કર્મના નિયમને, તેઓ રડીને રડીને ભોગવે છે ને જ્ઞાની હસી હસીને ભોગવે. આપને સમજાયું ને ?

**પ્રશ્નકર્તા :** હા જી.

**દાદાશ્રી :** એટલે આ બાહ્ય ત્યાગ કરવો એને સંયમ નથી કહેવાતો. સંયમ તો કષાયોને સમતાપૂર્વક સહન કરવા, સમતાપૂર્વક કષાયોને જોવા, આનંદથી એ (સહન) કરવા, એનું નામ સંયમ કહેવાય. વિષમ સંજોગોમાં સમતા રાખવી એનું નામ સંયમ કહેવાય.

## કષાયરહિત દશા એ સંયમ

સામાના કષાયી વ્યવહારમાં અકષાયી રહેવું એને સંયમ કહેવાય છે. તમારી જોડે એક માણસ કષાયી થયો, એ વખતે તમે અકષાયી ભાવે રહો એને સંયમ કહ્યો ભગવાને. એ અલૌકિક સંયમથી મોક્ષ થશે.

બાકી આ લૌકિક સંયમ એટલે તો કષાયની હાજરીમાં બીજા જે ત્યાગ કરેલા હોયને, એને સંયમ કહે છે. ભગવાનની ભાષામાં એ (સંયમ) નથી ગણાતો અને એ તો વ્યવહારિક (સંયમ) કહેવાય છે. સંયમ (તો) કષાયહીનને સંયમ કહેવાય. એવો સંયમ ગમે કે ના ગમે ?

**પ્રશ્નકર્તા :** હા, એવો સંયમ જ જોઈએ, દાદા.

## આત્મસ્વરૂપ થઈ સમજવાની જ જરૂર

**દાદાશ્રી :** મહાવીર ભગવાન શું કરતા'તા ? એમની રીત શી હતી ? ત્યારે કહે, એક માણસે બે-ત્રણ ઢેખાળા માર્યા, તે આ અહીં આગળ લોહી નીકળ્યું, ને પછી એ પોતે આત્મસ્વરૂપે મનને શું સમજાવે ? કે ત્રણ ઢેખાળા માર્યા પણ ધારિયાથી એકુંય કાન કાપી લેત તો શી દશા થાત ? એના કરતા આ પાંસરું છે, કહે છે. આવું શીખવાડે. એણે કાન કાપી લીધા હોય ત્યારે કહે, મૂઆ, જો હાથ કાપી લીધા હોત તો શું કરત ? એના કરતા કાન કાપી ગયા, મૂઆ આ કપાઈ ગયા. તે આવી રીત લીધેલી. તમને સમજાઈ આ રીત ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** હાથ કાપી લીધા હોય ત્યારે કહે, પગ તો છે ને ! હાથ ને પગ બેઉ કાપી લીધા હોય ત્યારે કહે, હું જીવતો તો છું ને ! આમ ઠેઠ સુધી અવલંબન ખોળે છે, આવી એ રીત.

અને આપણા લોક તો એક થોડોક માર્યો હોય તો બૂમાબૂમ, કકળાટ કરી મેલે. હવે સંયમ શી રીતે આવે ? સંયમ લાવવાનો છે, એની સમજણ વિગતવાર હોવી જોઈએ. હા, કે બે હાથ કાપી નાખ્યા પણ પગ તો છે ને મારા ? એટલે મનને સંતોષ આપવા માટેનું સાધન હોવું જોઈએ.

## આર્તધ્યાન-રૌદ્રધ્યાન નહીં ત્યાં સંયમ

મિથ્યાત્વ (ક્રોધ-માન-માયા-લોભ)નો સંયમ કરવો એનું નામ સંયમ કહ્યો. આ તો ઉઘાડે છોગે મિથ્યાત્વેય કર્યા કરે છે ને ક્રોધ-માન-માયા-લોભેય કર્યા કરે, ઉઘાડે છોગે. મિથ્યાત્વ ગયું હોય તોય ભગવાન સંયમ ના કહે છે, તોય સંયમ ના કહેવાય. સંયમ તો ક્રોધ-માન-માયા-લોભ જશે ત્યારે, ત્યાં સુધી અવિરત સમકિત હોય તો મિથ્યાત્વ ગયું પણ સંયમ નહીં. સમકિત થાય તોય ભગવાને સંયમને ગણકાર્યો નથી.

આ આપણા અક્રમ વિજ્ઞાનના આધારે કે જેનાથી આર્તધ્યાન-રૌદ્રધ્યાન જાય એ સંયમ કહેવાય. આર્તધ્યાન-રૌદ્રધ્યાન ન થાય, એનું નામ સંયમ કહેવાય.

આપણા મહાત્માઓને રૌદ્રધ્યાન ને આર્તધ્યાન થતા નથી. કોઈની પર ગુસ્સો તો થાય, પણ આર્તધ્યાન-રૌદ્રધ્યાન નથી થતું. અને જેને રૌદ્રધ્યાન ને આર્તધ્યાન બંધ થઈ ગયા તેને (મહાત્માઓ) સંયમી કહેવાય. એ ભગવાનના સંયમ જેવું.

અત્યારે ચંદુભાઈને કોઈ ગાળ ભાંડે કે તરત જ તમારામાં મહીં સંયમ પરિબળ ઊભા થઈ જાયને ? ગાળ ભાંડે કે તરત જ સંયમ પરિણામ, અસંયમ ના થાય. ગાળ ભાંડે ત્યારે જગતને શું થાય ? રૌદ્રધ્યાન

ઉત્પન્ન થાય. અને તમને શું થાય ? સંયમ પરિણામ ઊભા થાય. એટલે નિરંતર સંયમ પરિણામ રહે છે ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એ નિરંતર સંયમ પરિણામ છે, એ જ મોક્ષમાં લઈ જવાનું એ (સાધન) છે. ત્યારે (લૌકિકમાં) આંખે દેખ્યો એને સંયમ ગણાય છે. બધા લાખો માણસ એમને સંયમધારી કહે અને તમને એક માણસ ના કહે.

આ (જ્ઞાનનું) લાઈટ થયું છે તેના આધારે સંયમ પરિણામ હોય. મહાત્માઓ બધાને નિરંતર, ચોવીસેય કલાક સંયમ પરિણામ હોય. તમે (મુમુક્ષુ) એમને (મહાત્માઓને) ગાળો ભાંડો, તરત એમને સંયમ પરિણામ ઊભા થાય. એ સંયમ જ હોય.

**પ્રશ્નકર્તા :** એ વાત સાચી. અહીંયા પેલું જ્ઞાન કામ કરે.

**દાદાશ્રી :** નિરંતર જ્ઞાન કામ કર્યા કરે. એક ક્ષણવાર અટક્યા સિવાય જ્ઞાન કામ કર્યા કરે.

સંયમ આવ્યો ત્યાંથી અવતારી પુરુષ કહેવાય. જેનામાં સંયમ હોય ત્યાંથી અવતારી કહેવાય.

**પ્રશ્નકર્તા :** તો જે આ બધા સાધુ-સંતો છે એ સંયમી પુરુષ કહેવાય કે નહીં ?

**દાદાશ્રી :** સંયમી પુરુષ કોઈ જગ્યાએ હોય જ નહીં. સંયમી પુરુષો ક્યાંથી લાવે ? આ તો સંતો કહેવાય. એ સંતોની ભાવનાઓ બહુ સારી છે, કે લોકો કેમ કરીને સુધરે અને અવળે રસ્તે ચઢેલા હોય તો સવળે રસ્તે ચઢે. બાકી સંયમ ક્યાંથી હોય તે ? સંયમ તો લાડવા ખાવાના ખેલ નથી.

## આંતરિક સંયમી એ મહાત્મા

**પ્રશ્નકર્તા :** મહાત્મા કોને કહેવાય ?

**દાદાશ્રી :** મહીં અંદર સંયમ, આંતરિક સંયમ રહે એને મહાત્મા કહેવાય. બાહ્ય સંયમ તો હોય કે નાય હોય. કષાય કરતો હોય, ત્યાં સુધી મહાત્મા કહેવાય નહીં. આંતરિક સંયમ જેનો હોય તે મહાત્મા. આંતરિક સંયમ એ કે ચંદુલાલ ક્રોધ કરે પણ પોતે અંદરથી મહીં ના પાડ્યા કરે. અરેરે ! આ કેમ થાય છે, આ કેમ થાય છે, એવું રહે એને. એ આંતરિક સંયમ કહેવાય, એને મહાત્મા કહેવાય.

**પ્રશ્નકર્તા :** મહાત્માની કાર્યવાહી શું ?

**દાદાશ્રી :** આ જે ગયા અવતારનો બધો માલ ભરેલો છે, તેને સમતાપૂર્વક જવા દેવો.

## આજ્ઞાપાલને ઉપજે સંયમ પરિણામ

**પ્રશ્નકર્તા :** દાદા, આપના મહાત્માઓને પણ થોડો થોડો જ સંયમ હોયને, સંપૂર્ણ સંયમ તો ના હોયને ?

**દાદાશ્રી :** એવું છે ને, સંયમ તો પૂરેપૂરો જ છે મારી દૃષ્ટિએ તો, પણ એમને સમજણ પડે નહીં. જો મારી આજ્ઞા સિત્તેર ટકા પાળે તો એનો સંયમ પૂરેપૂરો છે. સિત્તેર ટકા, સો ટકાય નહીં. કારણ કે આ વિજ્ઞાન જુદી જાતનું છે. સિત્તેર ટકા પાળી ત્યાંથી જ ભગવાન થઈ જાય. પછી બૈરી-છોકરાં એ વસ્તુ તો નિકાલી બાબત છે એની, ગ્રહણીય બાબત નથી આ. ત્યાગની બાબત હોય તોય એ વળગણ થયું ને ગ્રહણની બાબત હોય તોય વળગણ થયું ! એ નિકાલી બાબતનું વળગણ ના રહ્યું. ત્યાગ હોય ને, તે ત્યાગમાં અને નિકાલમાં ફેર ખરો કે નહીં ? શું ફેર, કહો ?

## ત્યાગ સફળ, વ્રત અફળ

**પ્રશ્નકર્તા :** ત્યાગ એટલે મનથી આપણે સમજીએ કોઈ પણ વસ્તુનો ત્યાગ કરવો તે. અને નિકાલ એટલે બુદ્ધિથી આપણે સારું-નરસું એનો વિચાર કરીને પછી નિકાલ કરીએ તે.

**દાદાશ્રી :** ત્યાગ વસ્તુ શું કહે છે ? આપણામાં કહેવત છે 'ત્યાગે ઈસકુ આગે.' એક બૈરી અહીં છોડી કોઈએ તો પછી દેવગતિમાં એને બીજી સારી વધારે બૈરીઓ મળે. એટલે જે તમે છોડ્યું તેથી એનું પુણ્ય બંધાય અને તેનું વધારે મળશે.

જે તને બહુ જ ગમતું હોય તો તેનો તું ત્યાગ કર તો સો ગણું મળશે આગળ. ભગવાને ત્યાગ સફળ કહ્યું છે અને વ્રતને અફળ કહ્યું છે. ત્યાગ છે તે ખેડૂત અનાજનો ત્યાગ કરીને ખેતરમાં નાખે છે, તેને ભગવાને ત્યાગ કહ્યો. ત્યાગ ફળવાળો છે, સફળ છે અને વ્રત અફળ છે. જો વ્રત હશે તો તું મોક્ષે જઈશ. ત્યાગ હશે તો મોક્ષે નહીં જાય. ત્યાગ તો સંસાર જ ઊભો કરી આપશે.

અને આ નિકાલ એટલે લેવાય નહીં ને દેવાય નહીં. નિકાલ કરી નાખો ભઈ આપણે, હવે લેવા દેવા ના રહી. એટલે આ અક્રમ વિજ્ઞાન જુદી જાતનું. નિકાલી બાબતનું ત્યાગે સો આગેય ના થાય, કશું નહીં.

**પ્રશ્નકર્તા :** આપણા જે મહાત્મા છે, એમણે જ્ઞાન લીધું અને હવે અલૌકિકના ભાવો થાય છે, તો એ અલૌકિકના ભાવનું પરિણામ અત્યારે મળવાનું કે આગળ મળવાનું ?

**દાદાશ્રી :** એ અત્યારેય મળવાનું ને આગળે મળવાનું, બેઉ મળવાના. ભાવનું પરિણામ ફ્રેશેય હોય અને આગળેય હોય. આગળ પ્રકૃતિ બાંધીને થાય અને અત્યારે એનું લાઈટનું અજવાળું મળે આપણને. અમે જ્ઞાન આપ્યું પછી માણસ ઠંડો નથી પડી જતો ?

**પ્રશ્નકર્તા :** બહુ, બહુ, હા.

**દાદાશ્રી :** એ ભાવનું પરિણામ.

**પ્રશ્નકર્તા :** એટલું જ નહીં, આખો રસ પણ પલટાઈ જાય છે, દાદા.

**દાદાશ્રી :** હા, એ બધું પલટાઈ જાય.

## ભેદ, યમ-નિયમ-સંયમનો

આ તમને (મહાત્માઓને) આત્માનું ભાન છે અને તમે હવે જે ભાવે આજ્ઞામાં રહો છો, અરે ! પાંચમાંથી એક જ આજ્ઞા પાળો છો, તોય પણ હું કહું છું કે તમે સંયમધારી કહેવાય ! તમારી જોડે કોઈ લડવા આવે ને, તરત તમારું મન પાછું પડી જશે. કશું ગજવું કપાશે તોય મન પાછું પડી જશે. તરત સંયમ ઉત્પન્ન થાય. આ જે બહાર છે એ નિયમધારી છે અને સંસારના માણસો નિયમમાં આવે ત્યારે યમધારી કહેવાય. સંસારના માણસો કંઈ પણ, કોઈ પણ નિયમનું આરાધન કરે, એક નિયમ પકડે કે મારે દસ વાગે જમવાનું છે, તે યમમાં આવ્યો કહેવાય. દસ વાગે જમે જ, ભલે ને પછી લાડવા ખાતો હોય કે ગમે તે કરતો હોય પણ એનો ટાઈમ સાચવે એનું નામ યમ કહેવાય અને આ ત્યાગીઓ નિયમમાં કહેવાય અને જ્ઞાની સંયમમાં કહેવાય.

## જ્ઞાનપૂર્વકનો યમ એ સંયમ

ખરો સંયમ એનું નામ કહેવાય કે જ્ઞાનપૂર્વકનો જે યમ છે એ સંયમ અને અજ્ઞાનપૂર્વક યમ એ નિયમ. એ યમ ને નિયમ બે છે. સાધુઓ નિયમી કહેવાય. નિયમસર એટલે નિયમમાં રહેતા હોય. નિયમ તો એમનો કહેવાય કે અમુક બાબતમાં નિયમ હોય જ.

એ રિલેટિવ જ્ઞાન એ રિયલ વસ્તુ જ નથી, એ રિલેટિવ છે. એટલે આ આપણી નવી વાત એમને સમજાતા બહુ વાર લાગે છે કે ભઈ, આ આચાર જુદી વસ્તુ છે અને આ સંયમ જુદી વસ્તુ છે. આચાર તો ત્યાગને પહોંચે છે, એ સંયમને પહોંચતો નથી. ત્યાગીને ત્યાગના આચાર હોય અને ગૃહસ્થીને ગૃહસ્થીના આચાર હોય. તેમને આચાર, વિચાર ને વાણી ઉપર સંયમ છે. વાણીનો કંટ્રોલ કરે, મનનો કંટ્રોલ કરે, આચારનો કંટ્રોલ કરે, તો પણ એ સંયમને ના પહોંચી શકે. એટલે આ (અક્રમ જ્ઞાન) સંયમ સ્વરૂપ છે.

## ફેર, ક્રમ-અક્રમના સંયમમાં

**પ્રશ્નકર્તા :** ક્રમિક માર્ગનો સંયમ અને અક્રમ માર્ગનો સંયમ એમાં શું ફેર હોય ?

**દાદાશ્રી :** આપણે અહીં તો આ પાંચ આજ્ઞા જ પાળવાનીને ! આપણે ત્યાં આજ્ઞા સમભાવે નિકાલવાળી હોય અને પેલી (ક્રમિક માર્ગની) આજ્ઞા તો પકડી રાખવી પડે.

આ જ્ઞાન મળે ત્યારે શુદ્ધાત્મા થયા પછી હવે તમે સંયમી કહેવાઓ. પણ (ક્રમિકના) લોકો કબૂલ ના કરે. લોકો તો કહે, કપડા બદલ્યાં નથી, બૈરી છે, આમ છે, તેમ છે, બહાના કાઢે બધા ! પણ આપણા મહાત્માઓને નિરંતર સંયમ રહેવાનો. એટલે આંતરિક સંયમ રહેવાનો, બાહ્ય સંયમ નહીં. એટલે આ પાંચ આજ્ઞા પાળો, તેમાં આંતરિક સંયમ જ હોય નિરંતર તમને. એ સંયમ મોક્ષ ભણી લઈ જાય અને બાહ્ય સંયમ ભૌતિક સુખો આપે. સંયમ બેઉ હિતકારી છે, પણ આ ભૌતિક સુખનો લાભ થાય ને પેલો મોક્ષ આપે. અંદરનો સંયમ હોય, બહાર ના પણ હોય, તેનો કંઈ વાંધો નથી. બાહ્ય સંયમ હોય ને અંદર ના હોય તો વાંધો છે. આવો ટાઈમ નથી આવતો, નહીં તો બાહ્ય સંયમધારીનો કંઈ દહાડો વળે નહીં. અંતર સંયમથી મોક્ષ, બાહ્ય સંયમથી બધો સંસાર, સોનાની બેડી જેવો !

## વિપરીત પ્રસંગે વર્તે સંયમ

આપણે ત્યાં એકવાર મુંબઈથી ભાદરણ બસ આવવાની'તી, મુંબઈવાળા ભાદરણ દર્શન કરવા આવવાના'તા. તે બસ કરેલી, કેટલા વાગે આવેલી ?

**પ્રશ્નકર્તા :** આમ પાંચ વાગ્યાનો ટાઈમ કહેલો.

**દાદાશ્રી :** બધાને કહેલો પાંચ વાગ્યાનો ટાઈમ. એટલે બધા જ વહેલા ઊઠીને ચા-પાણી પીને, નાહીધોઈને આવેલા. પછી ?

**પ્રશ્નકર્તા :** તે બસ સાડા અગિયાર વાગે આવી.

**દાદાશ્રી :** બસ સાડા અગિયાર વાગે આવી. પણ પેટમાં પાણી નથી હાલ્યું, એ પચાસેય માણસના. કોઈ દાદ નહીં, ફરીયાદ નહીં, બૂમ નહીં, બરાડો નહીં. મોઢું બગડેલું નહીં. જાણે કશું જ બન્યું જ નથી. કશું બૂમ-બરાડો હતો પછી ?

**પ્રશ્નકર્તા :** ના, આનંદ હતો.

**દાદાશ્રી :** ત્યાં ભાદરણ આવીને બધા મને કહેવા માંડ્યા, કે અમારી નાતના હોય તો બધા બૂમાબૂમ કરે, વઢંવઢા કરી મેલે. આ તો પેટમાં પાણી નથી હાલ્યું. આવું દરેક પ્રસંગમાં આપણે ત્યાં બનેલું. દરેક પ્રસંગમાં પેટમાં પાણીય હાલેય નહીં, એનું નામ ધર્મ કહેવાય. ખરો ધર્મ તો શરૂઆત ક્યારે થાય ? સંયમ. સંયમ હોય ત્યાર પછી શરૂઆત થાય.

## મહાત્મા સંયમી, પુરુષાર્થ સહિત

આપણા મહાત્મા સંયમી છે, ઘણા ખરા અને થોડા ઘણામાં જરાક કચાશ હશે.

**પ્રશ્નકર્તા :** આપની આજ્ઞામાં રહેને બધા.

**દાદાશ્રી :** હા, આજ્ઞામાં રહેવાનું. આજ્ઞા બહાર નહીં ચાલવાના.

એ ભલે, અત્યારે દેખાય છે આવા પણ તો એ દર્શન કરવા જેવા છે. અને આ એની સમજણ ના પડે તો શું થાય તે ? સંયમી એટલે આપણે ગાળો ભાંડીએને તોય એનું મોઢું બગડી ના જાય. અને બગડી જાય તોય પણ થોડીવાર પછી સુધરી જાય. એટલે આ સંયમી પુરુષ કહેવાય, પુરુષાર્થ સહિત છે.

## પાંચ આજ્ઞા એ અંતર સંયમ

આપણો સંયમ કયો કે (સંપૂર્ણ) જ્ઞાનમાં ન રહેતા હોય ને પાંચ આજ્ઞામાં રહેવા પ્રયત્ન કર્યા કરવો

એ સંયમ કહેવાય. તે આપણે જ્ઞાનમાં રહીએ તો ક્રોધ-માન-માયા-લોભ અટકી જાય.

આપણી પાંચ આજ્ઞા એ સંપૂર્ણ અંતર સંયમ જ છે. એટલે જો પૂરેપૂરી આદર્શ પળાય તો, નહીં તો પછી એ જેટલી ઓછી પળાય એટલી આદર્શતા ઓછી. તેથી જ આ બધાને અંદર સંયમ રહે છે ને ! કોઈપણ ફાઈલની જોડે સમભાવે નિકાલ જ કરે છે. સમભાવે નિકાલ કરવા માટે કેટલો બધો સંયમ રાખવો પડતો હશે ? આ અંતર સંયમ નિરંતર રહેવાનો !

તમારે દહાડામાં કેટલા વખત સમભાવે નિકાલ કરવો પડે છે ? ફાઈલ આવે છે કે સમભાવે નિકાલ કરવાની ?

**પ્રશ્નકર્તા :** હા, આવે છે કો'ક, કોઈ વખત પ્રસંગો બની જાય છે.

**દાદાશ્રી :** એ તો નિકાલ થઈ જ જાય, બનતા સુધી. પણ કો'ક ના થાય તો આપણે વાંધો નથી, ચિંતાય કરવાની નથી. તમારે તો આજ્ઞા પાળી છે કે નહીં, એટલું જ જોવાનું. એટલે આ પાંચ આજ્ઞા પાળો, તેમાં સમભાવે નિકાલ કરવાની ઈચ્છા હોયને તમારી ? શી ઈચ્છા હોય ?

**પ્રશ્નકર્તા :** સમભાવે નિકાલ.

**દાદાશ્રી :** હા, રિલેટિવ-રિયલ જોયા કરવાનું. પછી વ્યવસ્થિતને તમે સ્વીકાર કરો. વ્યવસ્થિત તો આપને બધું સમજાઈ ગયું છે ને ? તમને દહાડે દહાડે સમજાતું જાય છે, હજુ આગળ આગળ, નહીં ? તે આખો દહાડો જાગૃતિ રાખવી પડેને ? વ્યવસ્થિત છે ને હું કર્તા નથી, તેની જાગૃતિ રાખવી પડે. એટલે નિરંતર સંયમનો માર્ગ આ તો.

## પ્રકૃતિને જુદી જોવી એ સંયમ

ક્ષાયક સમકિત એટલે નિરંતર અંતર સંયમ રહે. બાહ્ય સંયમની જરૂર નથી. ચંદુભાઈનો જે માલ હોય સંયમવાળો કે અસંયમવાળો, તેને આપણે વીતરાગભાવે જોવો એ સંયમ. ચંદુભાઈ ચિઢાય તો એની ઉપર ચિઢાવાનું નહીં આપણે, એને જોવાનું અને બહુ ત્યારે 'આમ ન શોભે' એવું બોલવાનું. એવો ભાવ રહે સાધારણ, બોલવાનું તો હોતું નથી.

**પ્રશ્નકર્તા :** આ ચિઢાઈ ઊઠવું એ શું છે ?

**દાદાશ્રી :** એ પ્રકૃતિ છે, એને આપણે જોયા કરવી. તે પણ એક સંયમ છે પણ પોતાને 'ખરાબ છે' એમ લાગ્યા કરે. ત્યાં આ આજ્ઞા પાળેને એટલે સંયમ ઉત્પન્ન થાય. એ સંયમ એ જ પુરુષાર્થ.

## અસંયમ ઉપર સંયમ, એ ખરો સંયમ

ક્રોધ-માન-માયા-લોભ ચંદુભાઈને થાય, પણ પોતાને એમ થાય કે આ ના હોવું જોઈએ. સ્વરૂપે કરીને તમને એમ જ લાગે કે આ ના હોવું જોઈએ. બન્ને ક્રિયા સાથે થતી હોય, ચંદુભાઈ ક્રોધ કરતા હોય અને તમને મહીં અંદર એમ થતું હોય કે આ ના હોવું જોઈએ. અસંયમ ઉપર સંયમ, એનું નામ સંયમ. આ જગતના લોકોને શું થાય ? અસંયમ ઉપર અસંયમ. એટલે વાત છે ટૂંકી ને સમજ્યા વગરનું બફાયા કરે છે બધું.

## પ્રકૃતિથી જુદા અભિપ્રાયે વર્તે સંયમ

સંયમ એટલે ચંદુભાઈ જે કંઈ કરે, કો'કને અહિતકારી હોય એવું કરે, છતાં તમારો અભિપ્રાય તદ્દન જુદો જ હોય. ચંદુભાઈ કોઈકને ગાળો ભાંડે તો તમારો અભિપ્રાય જુદો જ હોય કે 'આમ ના હોવું જોઈએ. શા માટે આવું કહો છો ?' એટલે જેમ બે માણસ જુદા હોય એવી રીતે વર્તે, એનું નામ સંયમ.

તમને મહીં અંદર થાય કે આ તો કઈ જાતનું ? આવું હોતું હશે ? એટલે તદ્દન એ ઓપિનિયન (અભિપ્રાય) જ જુદો પડી ગયો. બે વચ્ચે ડિફરન્સ ઑફ ઓપિનિયન, એ સંયમ અને ચંદુ ને તમારો એક

ઓપિનિયન થયો, પેલો ગાળો ભાંડે છે તો એ અસંયમ. જોયેલો કોઈ દા'ડો એવો અસંયમ ?

**પ્રશ્નકર્તા :** હા, પણ બે છૂટું પડે એટલે પછી ખ્યાલ આવી જાય.

**દાદાશ્રી :** છૂટું પડે એટલે ઓપિનિયન ડિફરન્સ થાય.

હવે સંયમમાં રહો છો ને બરોબર ? બસ ત્યારે. આપણે સંયમ જોઈએ, બસ. સંયમથી મોક્ષ. ચંદુભાઈ જે કરે છે એ તમને અનુકૂળ ના આવે, તમારો અભિપ્રાય જુદો જ પડેને ! ચંદુભાઈ કો'કની પર ગુસ્સે થઈ ગયા હોય, તમને ગમે નહીંને ? ચેન પડે નહીંને ? એ સંયમ. પ્રકૃતિથી પોતાનો અભિપ્રાય જુદો પડી જવો, એનું નામ સંયમ.

કેટલાંક માણસો (વ્યવહારમાં) જાગૃત હોય છે તે બોલે ખરાં, કે આ ગુસ્સો થાય છે એ ગમતું નથી, છતાં ગુસ્સો કરું જ છું. ગમતું નથી છતાં કરવું પડે છે, એ બધું યમમાં જાય ને ખોટ ના જાય એને. અને કેટલાક સીધો ગુસ્સો જ કરે છે, 'ગુસ્સો ના કરે ચાલે જ નહીં, મારું ગાડું બંધ થઈ જાય' કહેશે.

## અસંયમને જોવો એ જ સંયમ

સંયમી નિરંતર જાગ્રત હોય.

**પ્રશ્નકર્તા :** આપણી જાગૃતિ પૂરતી છે કે નથી, એ કઈ રીતે ખબર પડે ?

**દાદાશ્રી :** એ તો વારેઘડીએ ખબર પડે આપણને, આપણા સંયમ ઉપરથી. ચંદુભાઈને કો'ક માણસ આવીને કહેશે, 'તમે આ છોકરાને ભણાવો છો ને, તે બહુ જ ખરાબ રીતે ભણાવો છો.' એવું બધું બ્લેઈમ (આરોપ) કર્યા કરતો હોય તમારે મોઢે, તે વખતે આ ચંદુભાઈ છે તે એને પાછું બ્લેઈમ કરે અને તેને તમે જાણો કે આ ચંદુભાઈ અસંયમી થયા. એ જેને અસંયમ થયો એ જાણે છે એ જાણનાર સંયમી છે. એટલે આ જાગૃતિ છે કે નહીં, એ ખબર પડે કે ના પડે ? ગાળ ભાંડે તો આપણી જાગૃતિ મહીં ખબર પડી જાય. અગર તો સરસ કપડાં પહેરીને લગ્નમાં જતા હોઈએ અને રસ્તામાં કોઈ (કપડાં) ઉપર થૂંકે તો એના ઉપર બચકાં નહીં ભરવા જતા જાગૃતિ મહીંથી ઉત્પન્ન થાય. આ ચંદુભાઈ એ વખતે બચકું ભરી લે, પણ તોય મહીં એમ થાય કે આ ન હોવું જોઈએ. એ જાગૃતિ અને એ જ સંયમ. અસંયમને જોવો એ જ સંયમ !

સંયમ આ અત્યારે બહાર બીજે કરે છે ને, એ તો બાળ સંયમ છે. બાળ સંયમ જે સમજણ વગરનો સંયમ. જ્યારે એને કશું ખરાબ બોલેને, એ ફેણ માંડે. ફેણ તો આપણા મહાત્માઓય માંડે, પણ તરત સમજી જાય કે ખોટું થઈ રહ્યું છે આ. જ્યારે પેલો ફેણ માંડ્યા પછી મનમાં શું કહે ? એને મારે કહેવું જ પડે, કહેશે. બુદ્ધિ પછી આવું ઉપરથી ડબ્લિંગ (બમણું) કરે. તમે ખોટું થયું છે એમ માનો, જ્યારે પેલો શું કરે ? ડબ્લિંગ કરે. એ અસંયમ ગુણ્યા અસંયમ ઉત્પન્ન થાય.

તમને કોઈ કશું કહે, તે તમને (શુદ્ધાત્માને) તો કોઈ કહે કે ઓળખે નહીં, એટલે કહે નહીં. ચંદુભાઈને કહે તો તમારે સંયમમાં રહેવું જોઈએ. અને ડિપ્રેસ થાય તો ચંદુભાઈને કહેવું જોઈએ, કે ભઈ, તમારી ભૂલ હશે તો તમને કહ્યું હશે. માટે શા માટે ડિપ્રેસ થાઓ છો અને તમારી ભૂલ નહીં હોય તો વખતે એની જવાબદારી, તમારી જવાબદારી નહીં. એવું કહીએ એટલે ચંદુભાઈનું ઑલરાઈટ (થઈ જાય).

## સંયમ પરિણામથી જ મોક્ષ

**પ્રશ્નકર્તા :** કોઈ પણ ફાઈલ આવી એનો સમભાવે નિકાલ કરે એટલે એનું પરિણામ સંયમ પરિણામ ઉત્પન્ન થાય ?

**દાદાશ્રી :** હાસ્તો, સંયમ પરિણામ જ એનું. આ સમભાવે નિકાલ કરવો છે ત્યારથી સંયમ પરિણામ,

પછી અડધો સંયમ રહ્યો તો અર્ધ સંયમ. પેલાએ બે ધોલ મારી લીધી તો આણે એક મારી લીધી, પણ તરત ખબર પડી ગઈને કે આ ખોટું થઈ રહ્યું છે, એ અર્ધ સંયમ કહેવાય.

**પ્રશ્નકર્તા :** એટલે જ્યારથી નક્કી કરે કે ફાઈલોનો સમભાવે નિકાલ કરવો છે...

**દાદાશ્રી :** ત્યાંથી જ સંયમ શરૂ થયો.

આ મારા પાંચ વાક્યો(આજ્ઞા)ને પકડે ત્યાંથી જ સંયમ શરૂ થયો, પછી અર્ધ સંયમમાં જાય કે પછી આખો સંયમ થાય. પરિણામ સંયમના આવ્યા અને સંયમ પરિણામથી જ મોક્ષ છે. એ નિરંતર સંયમ પરિણામ છે, એ જ મોક્ષમાં લઈ જવાનું એ (સાધન) છે.

## હિંસકભાવ નહીં એ સંયમ

તમને ગાડીમાં (જતા હોય ત્યારે) કોઈ સળી કરેને તોય તમે સમભાવે નિકાલ કરો. ચંદુભાઈ વખતે બોલી જાય એની જોડે, પણ તમે છે તો શું કરો ? સમભાવે જ નિકાલ કરો. તમે જુદા, ચંદુભાઈ જુદા. બનતા સુધી ચંદુભાઈ ના બોલે અને વખતે બોલી ગયા હોય એ, તો પાછળ છે તે હિંસકભાવ નહીંને, એટલે સંયમમાં હોય. સંયમધારીનું મોઢું જોઈએ તો પાપ ધોવાય.

આપણા મહાત્માઓ સંયમી છે, એમને ના ના કહું. કારણ કે આ લોકોને ક્રોધ થાય છે ને, તે ઘડીએ મહીં પસ્તાવો થાય છે. ખરી રીતે ક્રોધ નથી એ. પસ્તાવો થાય છે માટે ક્રોધ નથી. ગુસ્સો થાય છે ત્યારે અંદર પસ્તાવો થાય છે.

**પ્રશ્નકર્તા :** એ બહાર લોકોને પસ્તાવો નહીં થતો હોય ?

**દાદાશ્રી :** એ પસ્તાવો જુદી જાતનો પણ એ હિંસકભાવવાળો ક્રોધ છે. પોતે બળે ને સામાને બાળી મેલે એવો ક્રોધ છે અને આમાં હિંસકભાવ ના હોય.

## ત્યાં ઉકેલ લાવો, પ્રતિક્રમણ થકી

ક્રોધ બે પ્રકારના; એક નિકાલી ક્રોધ અને એક નિકાલી નહીં તેવો સાચો ક્રોધ. નિકાલી ક્રોધ એટલે જીવ નીકળી ગયેલો મહીંથી અને પેલો જીવવાળો ! તમને ક્રોધ આવ્યા પછી મહીં અંદર એમ નથી થતું કે આમ ના હોવું જોઈએ ?

**પ્રશ્નકર્તા :** હા, બહુ પસ્તાવો થાય કે આ ખોટું થઈ ગયું.

**દાદાશ્રી :** તો એ જે થાય છે ત્યાં સંયમ થઈ રહ્યો છે અને આ એનો બહારનો ભાગ આ પાઠ ભજવે છે. એનો તમે સંયમ કરી રહ્યા છો કે આમ ના હોવું જોઈએ. બહારનો ભાગ તો એની મેળે જે છે એ નીકળ્યા કરે છે, ટાંકીમાં જે માલ છે તે. ત્યારે એ પોતાને તો ગમતું ના હોય, એટલે એ કહે છે કે 'આવું ના હોય, આ ના શોભે !'

સંયમ હોય તો જ નિકાલી કહેવાય, નહીં તો નિકાલી કહેવાય જ નહીંને ! સંયમ પહેલો હોય, ત્યાર પછી નિકાલી. સંયમ વગર તો મોક્ષ જ ના હોયને ! સંયમપૂર્વક જ નિકાલ હોય. જેમાં નિકાલ શબ્દ હોય તો જાણવું કે આ સંયમથી કરે છે અને તેય સામાને દુઃખ થાય એવું હોય તો આપણે કહ્યું છે કે ચંદુભાઈને કહેવું કે ભાઈ, આ સામાને દુઃખ થાય એવું શું કરવા કરો છો ? પ્રતિક્રમણ કરો.

ક્રોધ થયો એનું નિવારણ થઈ શકે છે, કારણ કે નિકાલી બાબત છે એ. એટલે ગુનેગારી નથી આવતી. પણ સામાને દુઃખ થયું એટલા પૂરતું એનો હિસાબ ચૂકતે કરવો જોઈએ, એનું પ્રતિક્રમણ કરવું જોઈએ.

## ચંદુભાઈ અસંયમમાં, તમે સંયમમાં

ભગવાને કહ્યું હતું, દેહાધ્યાસ છે ત્યાં સંયમ નથી, સંયમ હોય ત્યાં દેહાધ્યાસ ના હોય. છતાંય જુઓને, અત્યારે સંયમની ભાષા કઈ ચાલે છે !

**પ્રશ્નકર્તા :** જ્ઞાતા-દ્રષ્ટામાં રહો એ સંયમ કહેવાય ?

**દાદાશ્રી :** ના, જ્ઞાતા-દ્રષ્ટામાં રહો એ સંયમ નહીં, જ્ઞાન કહેવાય. જ્ઞાતા-દ્રષ્ટામાં રહો એટલે એ છેલ્લું પદ, જ્ઞાન કહેવાય. અને સંયમ એટલે શું ? આર્તધ્યાન-રૌદ્રધ્યાન અટકી જાય, એનું નામ સંયમ. દેહાધ્યાસને ભગવાને સંયમ નથી કહ્યો. ભગવાન આને સંયમ ના ગણે. દેહાધ્યાસ ના હોય ત્યારે સંયમ હોય.

આ તો એ પોતે જ કહે છે કે દેહાધ્યાસને અમે માનીએ છીએ, પણ દેહાધ્યાસ શબ્દ ના બોલે એ. એ શું બોલે ? 'અશુભ છોડો અને શુભ કરો.' શુભ કરો એ દેહાધ્યાસ. દેહાધ્યાસ વધાર્યો કહેવાય ઊલટો. એ ઓછો હતો તે વધાર્યો. હવે આ ના સમજાયને બધું ? કેવી રીતે સમજાય એટ એ ટાઈમ ? આ તો જ્ઞાની પુરુષની દૃષ્ટિ ઘડીકમાં તો ક્યાંની ક્યાંય ફરી વળે ! પ્લસ-માઈનસ કરીને મૂળ જગ્યા ઉપર આવી જાય. કારણ કે નિર્મળ દૃષ્ટિ થયેલી છે. આ તો જરાય સંયમ જ નહીંને, છતાં લોક કહે કે સંયમી આવ્યા. કારણ કે એ લૌકિક સંયમ છે. લોકોએ માનેલો, એવા સંયમનો ભગવાને સ્વીકાર કરેલો નથી. આપણા મહાત્માઓ બધા સંયમી, એવું ભગવાન પણ સ્વીકાર કરે. કારણ કે ગુસ્સો થાય અને સંયમેય હોય. અસંયમમાંય સંયમ હોય !

**પ્રશ્નકર્તા :** ઘણા પૂછે છે કે આ વર્તનમાં ક્યાં ફેર પડ્યો ?

**દાદાશ્રી :** એ વર્તનમાં જોવાનું નથી. અસંયમ થાય તો સંયમને આપણે જોઈ શકીએ કે આ સંયમ ચાલ્યો. આપણે સંયમમાં છીએ એવું લાગે આપણને. ચંદુભાઈ અસંયમમાં હોય અને તમે સંયમમાં હો.

### સંયમથી પણ વિશેષ સમતા

**પ્રશ્નકર્તા :** દાદા, સંયમ અને સમતા એ બન્નેમાં ફેર શું ?

**દાદાશ્રી :** સમતા તો એવરિવ્હેર પોસિબલ (દરેક જગ્યાએ શક્ય) અને સંયમ કોઈ જગ્યાએ પોસિબલ (શક્ય) ના હોય.

**પ્રશ્નકર્તા :** સંયમ કોઈ જગ્યાએ પોસિબલ હોય નહીં ! ક્યાંક તો પોસિબલ હોયને ? બધે ઠેકાણે ન હોય એ બરોબર.

**દાદાશ્રી :** આત્મા પ્રાપ્ત કર્યો હોય ત્યાં સંયમ હોય. સમકિત થયું હોય ત્યાં સંયમ. એટલે આપણા મહાત્માઓ બધા સંયમી કહેવાય, એમાં બે મત નહીં.

**પ્રશ્નકર્તા :** દાદાના મહાત્માઓ બધા સંયમી કહેવાય એ વાત તો સાચી, પણ ઘણા મહાત્માઓ ગાંડા પણ કાઢતા હોય છે તો પણ સંયમી ?

**દાદાશ્રી :** અમારી આજ્ઞા પાળતા હોય તો એને ગણાય.

**પ્રશ્નકર્તા :** હા, એ તો બરોબર છે, પણ એ ગાંડા કાઢતા હોય એ તો ડિસ્ચાર્જ ભાવ છે ને ? એ તો ભરેલો માલ છે ને ?

**દાદાશ્રી :** એનો વાંધો નહીં, અમારી આજ્ઞા પાળતો હોય તેને કશુંય નહીં.

એ જો સિત્તેર ટકા (આજ્ઞા પાળતા હોય) તો એ સંયમી કહેવાય. એને ભગવાન કહેવો હોય તો કહેવાય. એ ગમે તેવું, એના એ આચારને જોવાની જરૂર નથી, આજ્ઞામાં રહેતો હોવો જોઈએ.

### સંયમશક્તિ પ્રાપ્ત થઈ આત્મજ્ઞાને

હવે ક્રોધ-માન-માયા-લોભ રહ્યા નથી એવું અમે કરી આપ્યું તમને. ભાવકર્મ એટલે આખા કષાય જ નાશ કર્યા તમારા. હવે તમને પુરુષાર્થમાં સમજણ ના પડે તો માર ખાવ. કષાયો નાશ થઈ ગયા. અને હવે જો કદી ચંદુભાઈ ગુસ્સો કરતા હોય તો તે ઉદયકર્મને આધીન અને તમે અંદરથી સંયમને આધીન. તમે કહો કે આમ ન હોવું જોઈએ. એટલે અંદર

તમારો કોઈ પણ જાતનો કષાય છે નહીં અને આ ઉદયકર્મને આધીન છે એ નિકાલી બાબત છે. પૂરણ થયેલી છે માટે ગલન થાય છે. ગલન ના કરવા દેવું એય ગુનો છે. એટલે એને જોઈને જવા દેવાના. એટલે છૂટ્યા પછી. અમને કહેશે કે હંડ્રેડ પરસેન્ટ (સો ટકા) કષાય ગયા ? ત્યારે હું કહું કે હંડ્રેડ પરસેન્ટ ગયેલા છે. ત્યારે જ ચિંતા જાય છે, નહીં તો ચિંતા કોઈ દહાડો મટે નહીં. હંડ્રેડ પરસેન્ટ કષાય જાય નહીં, ત્યાં સુધી ચિંતા કોઈને મટે નહીં. ક્રમિક માર્ગના જ્ઞાનીઓનેય અંદર આનંદ હોય ને બહાર ચિંતા હોય.

આપણે તો ચિંતા નથી થતી એ જોવાનું. ચિંતા ના થવી જોઈએ, બસ. ચિંતા થઈ કે જાણવું કે મહીં બગડ્યું. (આપણને) ચિંતા થતી નથી, ક્રોધ-માન-માયા-લોભ રૂપી નબળાઈ ઊભી થતી નથી. નબળાઈ ઊભી થાય છે એ પૂરણ-ગલનની છે કે આપણી ? આપણે સંયમની બહાર ગયા નથી એ આપણને ખાતરી રહેવી જોઈએ. એક ક્ષણવાર આપણે સંયમની બહાર ગયા નથી. દેહ સંયમની બહાર જાય, તેના તમે જ્ઞાતા છો.

## જો જો જ્ઞાનનો દુરુપયોગ ના થાય

આપણે ત્યાં પેલા ભાઈ આવ્યા'તાને, તે મને કહે છે, દાદા, મને ઘણી બધી શક્તિઓ આવી ગઈ છે, આપની કૃપાથી. તે પછી મેં કહ્યું, કો'ક ગાળો ભાંડે ત્યારે શું કરો ? સંયમ રાખો છો ? ત્યારે કહે, ના, તે વખતે મારે બારી પડી જાય છે. બારી પડી એટલે શું થઈ જાય તમે સમજ્યા ?

**પ્રશ્નકર્તા :** એ સામાની વાત જ મહીં પેસવા ના દે.

**દાદાશ્રી :** હા, મહીં પેસવા ના દે.

એ કહે, 'હું મન ઉપર લેતો જ નથી.' કેટલી બધી મૂર્ખાઈનું કારણ થયું આ તો, મન ઉપર ના લેવું તે ! મેં કહ્યું, 'કેમ તું મન ઉપર નથી લેતો ?' એટલે કહે, 'તે મને કશી અસર નથી થવા દેતો.' ત્યારે મેં કહ્યું, 'ના, ના, આ તો સ્કોપ (અવકાશ) મળ્યો સંયમનો અને આવું તો લાખ રૂપિયા આપીએ તોય આવો સ્કોપ ના મળે આપણે.'

આ તો સંયમનો 'સ્કોપ' મળ્યો તેનો તમે લાભ ઉઠાવ્યો ના કહેવાય. તમે કોઈને કહો કે 'તમે મને વઢો ને હું સંયમ કેળવું' એવું બને જ નહીંને ! આ તો કુદરતી કોઈક ફેરો પ્રાપ્ત થાય ત્યારે આપણે કાન બહેરા કરીને 'હટ, એ તો બોલે, એને કુટેવ પડી છે', એમ કરીએ તો શું લાભ ? દુર્ગંધ આવતી હોય ને નાક દબાવી રાખીએ એમાં તમે શો સંયમ કર્યો ?

આ જગતના લોકોય એ કરી શકે, કે મન ઉપર કોઈ વાત ના લે. મન ઉપર (વાત) ના લેવી એ તો જગતના લોકોય કરે છે.

## લાભ ઉઠાવો, પ્રાપ્ત સંયોગનો

મેં (એક વાર) પાંચસો રૂપિયાનું એ (ઈનામ) કાઢ્યું'તું કે ભઈ, જે એક ધોલ મારે દાદાને, તો એને પાંચસો રૂપિયા આપવા. ગમે તે, ગરીબ માણસ હોય તે (પણ) મારી જાય તો પાંચસો રૂપિયા આપું, પણ કોઈ મારી ગયો નહીં. લોકોને મહીં દુખિયા હોય તેને કહેતો'તો ત્યારે તે કહે, ના બા. એ અમારે નહીં, દુઃખ ભોગવી લઈશું પણ તમને શું કરવા ધોલ મારીએ ?

એટલે તમે પૈસા આપો તોય ના મળે, તો ફ્રી ઑફ કોસ્ટ (મફત) આવે તો આપણે શું કરવું જોઈએ ? એ સ્કોપને જવા દેવો જોઈએ ? તમને કેમ લાગે છે ?

## કેળવો સંયમ જ્ઞાતા-દ્રષ્ટાપદે

એટલે આપણે મન પર તો લેવાનું. જ્ઞાતા-દ્રષ્ટા રહ્યા એનું નામ જ મન પર લીધું કહેવાય. મન પર તો લેવું જ જોઈએને. મન પર આવે જ એ તો.

આને તો એની મેળે જ બારી પડી જાય છે. તે

મેં કીધું, બારી ના પડવા દઈશ. આ તો અવસર કહેવાય છે. તમને નથી લાગતું કે આપણે અવસર ગુમાવ્યો ?

**પ્રશ્નકર્તા :** એ બરોબર. પણ મન ઉપર એને ઈફેક્ટ (અસર) થવા દે, પણ જ્ઞાતા-દ્રષ્ટા રહે તો એની ઈફેક્ટ થાય નહીંને એને ?

**દાદાશ્રી :** જ્ઞાતા-દ્રષ્ટા રહે એટલે મન ઉપર લીધું જ કહેવાય. એટલે એ અવસર, તમારો સુઅવસર કહેવાય છે. જ્ઞાતા-દ્રષ્ટા એટલે તમારે એથી બીજું વધારે કશું કરવાનું રહ્યું જ નહીંને ! આ તો એ જ્ઞાતા-દ્રષ્ટા નથી રહેતો, મન પર બારી જ પડી જાય છે, પડદો. જ્ઞાતા-દ્રષ્ટા રહ્યો એટલે સંયમ જ કહેવાય, એનું નામ જ સંયમ કહેવાય, મનમાં ધારણ ના કરવું એ અવસર ના કહેવાય. એ જ્ઞાતા-દ્રષ્ટા રહ્યો કહેવાય નહીં.

## શુદ્ધ સંયમ ઉપજે અક્રમ વિજ્ઞાને

ક્રમિક માર્ગમાં તો કોઈ દહાડો શુદ્ધ સંયમ થાય જ નહીં, અશુદ્ધ સંયમ જ હોય. અહીં સંયમ પરિણામ ઊભું થાય અને જેને સંયમ કહેવામાં આવે છે એવો શુદ્ધ સંયમ, એ આ અક્રમ વિજ્ઞાનના આધારે કરી શકે.

**પ્રશ્નકર્તા :** વાણી ને દેહનો સંયમ આવી જાય પણ મનનો સંયમ કેવી રીતે આવે ?

**દાદાશ્રી :** મન તો અવળું ખોળે. તે આપણે એ સંયમ કરતા કરતા, મનને કંઈક કહેવું પડે ને, આ તો મહાન ઉપકારી છે. અને તમે તો કહો, 'આ નાલાયક છે.' તે મન અવળું ફરે. એટલે ત્યાં 'મહાન ઉપકારી છે આ તો. આ ઉપકાર તો ભૂલાય એવા નથી. માટે ચૂપ રહેને !' એવું કહેવું. એવું કોઈ દહાડો કહ્યું નથી ? સાવ નાલાયક હોય તોય આપણે મનને કહેવું કે જબરજસ્ત ઉપકારી છે અમારો ! તો મન ચૂપ !

## ચેતજો કષાયોના હુમલા સામે

કષાયનો હુમલો થાય તે ઘડીએ સંયમ રહેવો જોઈએ. હુમલો શાનો થાય ? કષાયનો. છતાં આપણા કષાયો જે મહીં અન્ડરગ્રાઉન્ડ (ભૂગર્ભ) ગયેલા છે તે ઉપર આવેને ! અત્યારે તો અન્ડરગ્રાઉન્ડ ગયા છે, હં.. મારી નાખ્યા નથી. મારવાનું શબ્દ જ અમારે ત્યાં ના હોય. કારણ કે એમને મારવા તે હિંસા જ છે. એટલે અમે તો હિંસા ના કરીએ. એ અન્ડરગ્રાઉન્ડ ગયેલા છે તે ત્રણ વર્ષ જો દાદાનો પ્રસંગ છોડે, તો એ પાછા (શુદ્ધાત્માની) ગાદી ફરી સમેટી લેવાને તૈયાર રહેલા છે. કારણ કે ત્રણ વર્ષ ભૂખ્યા રહી શકે એમ છે. ક્રોધ-માન-માયા-લોભ એ ચાર જણ છે, તે કેટલો વખત ભૂખ્યા રહે, એનું આ હું તમને લિમિટ આપું છું.

જો ત્રણ વર્ષ તમે ખોરાક ના આપો તો એ પછી એ જાણે કે હવે અહીં કંઈ આપણને ખોરાક મળે એવો નથી ને આપણું કામ થાય એવું નથી. માટે બીજે ઘેર લોકોને ત્યાં ઘણો ખોરાક છે. ક્રોધ-માન-માયા-લોભને તો ખોરાક ખોળવા જવું પડતું જ નથી.

## રાગે પડે ત્યારે ઉપજે સંયમ પરિણામ

કેટલાકને તો રાગે પડી ગયું એટલે અહીં બહુ નથી આવતા. કો'ક કો'ક દહાડો આવે. પોતાને જોઈતું રાગે પડી ગયુંને ! એને કહેલું જ છે કે રાગે પડતા સુધી અહીં ફેરો માર માર કરજો. તોયે જ્ઞાની પાસે બેસે એના જેવી ઉત્તમ વસ્તુ જ નથી. તે છતાં પણ ના બેસાય તો વાંધો નથી પછી. પણ રાગે પડતા સુધી તો બહુ ભાવના રાખવી જોઈએ. સંયમ પરિણામ ઊભા ના થાય, ત્યાં સુધી રાગે પડ્યું કહેવાય નહીં.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, હું તો એવું માનું છું કે ગમે તેટલા સંયમ પરિણામો ઉત્પન્ન થાયને તો પણ જ્ઞાની પુરુષની સેવા અને જ્ઞાની પુરુષનું સતત સાંનિધ્ય એ બહુ કામનું છે.

**દાદાશ્રી :** ત્યાર વગર એટલું બધું સંયમપણું ઉત્પન્ન ના થાય. સંયમપણું ઉત્પન્ન થવાનું સાધન જ એ છે.

**પ્રશ્નકર્તા :** કારણ કે અત્યારે કાળની એટલી બધી વિચિત્રતા છે ને કે ઘરે બેસીને તમે એટલું બધું જ્ઞાનમાં રહો, એ વાતમાં કાંઈ માલ નથી.

**દાદાશ્રી :** અરે ! કાળની બહુ વિચિત્રતા, માણસ લપસી પડે છે. પણ જ્યારે છે તો મોટો કડાકો આવે ત્યારે ખબર પડેને ! કડાકા આવે ત્યારે પાછું તરત એને અનુભવ થાયને કે આ તો જ્ઞાન મારું રહેતું નથી. એટલે પાછું દોડધામ કરી મેલે એ.

**પ્રશ્નકર્તા :** આ તો શું દાદા, થોડીક ઠંડક વર્તાય છે ને પેલી, એટલે બધાને જરાક મજા આવી જાય.

**દાદાશ્રી :** ઠંડક વર્તાય છે એની જ બધી આ મુશ્કેલી છે ને !

**પ્રશ્નકર્તા :** હા, અને હજી કાંઈ પેલા દોષ દેખાતા ન હોય ને એટલે એને મજા આવે કે હવે આપણે બસ જ્ઞાની થઈ ગયા. બાકી જાગૃતિ હોયને તો એક મિનિટ સહન ન થાય એવું છે.

### જ્ઞાની સંગ સદા સંયમ

**દાદાશ્રી :** સંયમ પરિણામ ઉત્પન્ન થવાનું મુખ્ય સાધન જ જ્ઞાની પુરુષ છે. આ તો ઠેઠ સુધી કામ કાઢી લેવાનું છે. શાસ્ત્રકારોએ તો જ્ઞાની પુરુષની પાછળ પડી રહેવાનું કહ્યું છે પણ અત્યારે તો ફાઈલો એટલી બધી છે, તે શી રીતે માણસ જોડે પડી રહે ? પણ ભાવના ભાવીએ એટલે આપણને જેટલો ટાઈમ મળ્યો એટલો તો સાચો. અને સંયમ સુખ એનું તો કંઈ કહેવાપણું જ ના હોય ! આખી જિંદગીમાં કોઈ કાળમાં જોયું ના હોય એવું સંયમ સુખ ઉત્પન્ન થાય.

હવે (એ સુખ કેવું તો), કંદોઈની છોડી (દીકરી)ને કહીએ, 'હેંડ, તને જલેબી અપાડવાવું.' તો એ કહેશે 'મારે તારી જલેબીને શું કરવી છે.' એવું આ, કંદોઈની છોડીઓ જેવું. આ તો સંયમ સુખ એટલે વૈભવસુખ કહેવાય.

### જાગૃતિથી વધે સંયમ પરિણામ

**પ્રશ્નકર્તા :** દાદા, પણ જે સંયમ પરિણામો તમે કહેતા'તાને એ એવા કોઈક વખતે નથી યાદ રહેતા. સંયમ પરિણામો યાદ રહેવા જોઈએ.

**દાદાશ્રી :** સંયમ પરિણામ એટલે યથાર્થ જાગૃતિ કહેવાય. સંયમ પરિણામ તો વાર લાગશે. એ આપણે પહેલા સમજી લીધું એટલે હવે આપણને સમજણ પડે પછી. સંયમ પરિણામ ઉત્પન્ન થાય. મોટી બાબત હોય તો તે ઘડીએ પાછું વાર લાગે.

**પ્રશ્નકર્તા :** દાદા, મોટી એટલે ઑફિસમાંય વાર લાગે જરા મોટી ગડમથલ થાયને ત્યારે.

**દાદાશ્રી :** સંયમ છૂટી ગયા પછી ખબર પડે.

**પ્રશ્નકર્તા :** હા, પછી ખ્યાલ રહે.

**દાદાશ્રી :** તીર છૂટ્યા પછી ખબર પડે.

એટલે એ સંયમથી મોટા સંયમ જીતાય પછી ધીમે ધીમે. નાના સંયમો જીતે, એટલે પછી પાછા મોટા, એમાંથી પાછા મોટા એમ કરતા કરતા પછી જીતાય.

### ત્યારે કહેવાય ખરો સંયમ

**પ્રશ્નકર્તા :** ખરો સંયમ કોને કહેવાય ?

**દાદાશ્રી :** ભયંકર અપમાન કરે તો મોઢાં ઉપર આનંદ જાય નહીં, ઘણા બધા રૂપિયા કોઈ લઈ જાય તોય આનંદ જાય નહીં. કોઈ કપટ કરી જાય તોય આનંદ જાય નહીં, કોઈ તિરસ્કાર કરે તોય (આનંદ) જાય નહીં. આવું થાય ત્યારે.

### માનનો-લોભનો સંયમ

**પ્રશ્નકર્તા :** માનનો સંયમ અને લોભનો સંયમ એ જરા વધારે વિસ્તારથી સમજાવો.

**દાદાશ્રી :** એવું છે, કેટલાક માણસોને માન જીતવાનો સંયમ આવી ગયો હોય છે. તે માનનો સંયમ કે કોઈએ પણ ગાળો ભાંડવા માંડી કે અપમાન કરી નાખ્યું તો સંયમ, અર્ધસંયમ એ પાળી શકે છે અને લોભના સંયમમાં તરત એ એને બેભાન કરી નાખે. એ ત્યાં આગળ છે તે અસંયમ વધારે ઉત્પન્ન થાય. પછી પાછું જાગૃતિ આવે પણ મોડી આવે. એટલે વન ફોર્થ (ચોથા ભાગ) જેવો સંયમ થાય લોભનો. માનનો સંયમ જરા સચવાય તમારાથી. અમુક જ્ઞાતિના લોકોથી માનનો સંયમ ના સચવાય, લોભનો સાચવી શકે. વણિકને લોભની ગ્રંથિ મોટી હોય અને ક્ષત્રિયને માનની ગ્રંથિ મોટી હોય. એને લોભની કંઈ પડેલી ના હોય. દરેક જ્ઞાતિનું જુદું જુદુંને !

**પ્રશ્નકર્તા :** સંયમ અને અર્ધસંયમમાં શું ફેર ?

**દાદાશ્રી :** કોઈએ કહ્યું કે 'ચંદુભાઈએ આ બધું બગાડ્યું', તે ઘડીએ મહીં પરિણામ આપણા બદલાઈ જાય. પણ 'આ ખોટું થઈ રહ્યું છે' એમ 'જાણવું' તેને અર્ધસંયમ કહ્યો, અને એવા પરિણામ મહીં ઊભા થાય જ નહીં, તેને પૂરો સંયમ કહ્યો.

### સંયમથી પ્રગટે આત્મશક્તિ

કોઈ ટૈડકાવનારો તમને મળે તો બહુ જ પ્રોફિટ (નફો), એના જેવો પ્રોફિટ કોઈ નહીં. કારણ કે તે વખતે તમે આજ્ઞામાં આવો. આજ્ઞામાં આવીને સમભાવે એનો નિકાલ કરો. નિકાલ કરો એટલે અંદર શાંતિ થઈ જાય. પોતાને અંદર શાંતિ થતાની સાથે આત્મશક્તિ જબરજસ્ત વધી જાય. આત્મશક્તિ વધારવા માટે જેટલા કર્મોનો તમે સમભાવે નિકાલ કરો, એ આત્મશક્તિ વધારે. શક્તિ તો છે જ પણ પ્રગટ કરે છે. એટલે જેટલા એકદમ ભારે જોખમ આવે ત્યારે એ (સમભાવે નિકાલ) કર્યો, તો જબરજસ્ત શક્તિ વધે.

### જ્ઞાન થકી ઉપજે અનંતા સંયમ પરિણામ

ભગવાને કહ્યું છે કે જ્ઞાની કોને કહેવાય ? કે જેને આત્મા પ્રાપ્ત થયોને, એ બધાને આપણે જ્ઞાની જ કહીએ છીએ. એ બધા અંશ જ્ઞાની કે સર્વાંશ જ્ઞાની, પણ બધા જ્ઞાનીમાં સમાય.

તે જ્ઞાની પુરુષને આ અનંતા સંયમ પરિણામ ઉત્પન્ન થાય છે, કહે છે.

**પ્રશ્નકર્તા :** અનંતા સંયમ પરિણામ ?

**દાદાશ્રી :** હા, આવું બધું (વિપરિત સંજોગવાળું) ભેગું થાય, તે પહેલા ભેગું થાય ત્યારે કષાય કરીને નર્યા પાપ બાંધે ઊલટા, અસંયમ વધે ઊલટો અને આ અત્યારે સંયમ... અનંતા સંયમ પરિણામ વધતા જાય. એટલે હવે તો જે મળે તે બહુ ફાયદાકારક. ગજવું કપાય તો ફાયદો. જે જે થાય તે ઘડીએ એ ફાયદાકારક. આત્માનું સંયમપણું જબરજસ્ત પ્રગટ થાય. હિતકારી આમ એટલે પેલુંય હિતકારી ને આય હિતકારી, બેઉ રીતે હિતકારી, કર્મ બંધાય નહીં ને આત્મશક્તિ પ્રગટ કરે. તમારે કોઈ વખત એ અનુભવમાં નહીં આવેલું ?

**પ્રશ્નકર્તા :** આવ્યું છે દાદા, પણ કઠણ ફાઈલો આવે તે વખતે...

**દાદાશ્રી :** તો આપણને શું નુકસાન ? ગમે તેવું કઠણ આવવું હોય તો આવને, કહીએ. સંયમ પરિણામ ઊભું થાય ને !

### સંયમે શક્તિ બેવડાય

**પ્રશ્નકર્તા :** તો હવે આમાંથી (કઠણ ફાઈલોમાંથી) કેવી રીતે છૂટાશે ?

**દાદાશ્રી :** આ અમે વાતો કરીએ છીએ એ રીતે છૂટાય. પ્લસ-માઈનસ કરવું પડે.

**પ્રશ્નકર્તા :** એવું સ્ટેજ કેમ આવતું નથી મારું ? પુરુષાર્થની કમી છે ?

**દાદાશ્રી :** એ તમારું સુંવાળુંપણું ખરુંને અને આ વાત આપણે કરીએને, તે સાંભળી ના હોય. કો'ક

ફેરો સાંભળ્યા પછી અમલમાં લે એક ફેરો. એક ફેરો અમલમાં લે એટલે ફરી સંયમ રહ્યો. તે બીજી વખત ડબલ થાય, ત્રીજી વખત ચાર ગણો થાય. પછી એકદમ સંયમી થઈ જાય માણસ.

**પ્રશ્નકર્તા :** દાદા, એક વખત સંયમ રહે આપણાથી અને બીજીવાર એવો સમય આવે કે આપણાથી સંયમ ન રહે તો ? શક્તિ ઓછી થઈ જાય આપણી ?

**દાદાશ્રી :** ન રહે તેનું ફળ આપણને લાભ ના મળે. પેલી શક્તિ વધી હોય તો ફરી વધી જ. એટલે એક વખત સંયમ કર્યો હોય તો એનું ડબલ ફળ મળે, બેનું ચાર ગણું, ચારનું સોળ ગણું, સોળનું બસ્સો છપ્પન ગણું.

એટલે આ સંયમનો કાયદો કેવો છે ? આખા દહાડામાં બે સંયમ કરે તો બે ને બે ગુણે એટલું સાંજે જમે થાય. સંયમમાં આવ્યા કે શક્તિઓ પ્રગટ થતી જાય.

**પ્રશ્નકર્તા :** એ વચ્ચે ચૂકી જાય તો પેલી શક્તિ તો રહે જ ને આપણી પાસે ?

**દાદાશ્રી :** હા, માટે સંયમ ! આત્મા છે એટલે સંયમમાં લાવો બધું. હવે સંયમ તો, સામી એવી દશા ઊભી થાય તો આવે, નહીં તો શી રીતે આવે ? આ પેલા ભાઈને બહુ દશા એવી ઉત્પન્ન થઈ'તી, તો બહુ મોટો સંયમ ઉત્પન્ન થઈ ગયો. ભારે સંયમ કરવાનો વખત આવ્યો ત્યારે સંયમી થઈ ગયા પૂરેપૂરા. અત્યારે હવે નાની નાની બાબતમાં કશાને ગાંઠે જ નહીંને એ. એવા તારેય ઉદય આવ્યા સારા, નહીં ? થોડા ઘણા આવેલા ?

**પ્રશ્નકર્તા :** ધંધામાં તો ભટકાઈ જ જાયને એવા બધા.

**દાદાશ્રી :** હા... એટલે ખરાબ ઉદય તો સારા ઊલટા, આપણને સંયમી બનાવે. બહુ સુંવાળા ઉદય હોય તે તો સંયમી ના બનાવેને આપણને. એટલે સંયમ એ તો મોટામાં મોટું સાધન કહેવાય. એવા ચાર સંયમ આખા દહાડામાં કર્યા હોય તો ચોકે ચોકે સોળ સંયમ શક્તિ સાંજે જમા થાય.

## સંયમના ગુણાકારે જ્ઞાનીને વધે શક્તિ

અમારો સંયમ જોવા જેવો હોય. અમારે જ્ઞાની પુરુષને આમ સંયમ શક્તિ વધ્યા કરે. કારણ કે અમને તો રોજ પાંચ-પચીસ સંયમ થઈ જ જાયને ! તો પછી પચીસ પચીસા છસ્સો પચીસ સંયમ શક્તિ ભેગી થઈ જાય.

એટલે અમારે તો રોજ દસ-પંદર (સંયમ) તો હોય જ. અમથા અમથાય દસ-પંદર હોય અમારે સંયમમાં. એટલે પંદરે પંદરા બે પાછું એ તો રોજ જમે થયા કરતું હોય, તો કેટલી રકમો અમારી પાસે જમે હોય ? મલ્ટિપ્લિકેશન(ગુણાકાર)થી મળે એવી છે. એટલા માટે હું કહું છું કે ભઈ, આ એકલો વેપાર નથી. એક વાર જો સો સંયમ ભેગા કર્યા તો સાંજે મલ્ટિપ્લિકેશનથી દસ હજાર રૂપિયાની રકમ થઈ ગઈ તારી સંયમની.

અમારી શક્તિ સંયમના ગુણાકારથી વધેલી. જ્ઞાન થયા પછી તો અમને અનંતા સંયમ પરિણામ રહે. એટલે જે મળ્યું તે બધું ફાયદાકારક. બહારના ઉપસર્ગમાં તો આત્માનો સંયમ જબરજસ્ત રહે.

## સંયમ થકી ઉપજે યથાર્થ વ્યવહાર

આત્મજ્ઞાન કોને કહેવાય છે કે આત્મજ્ઞાનીનો વ્યવહાર જગતના મનુષ્યો કરતા ઊંચો હોય. અહીં ગમે તે વ્યવહાર કરીએ તો પણ કોઈના તરફની બૂમ ના આવે, તો એ યથાર્થ વ્યવહાર કહેવાય. પણ તે યથાર્થ ક્યારે કહેવાય ? ભગવાનના કહ્યા પ્રમાણે હોય ત્યારે, ભગવાનની આજ્ઞાપૂર્વક હોય ત્યારે, એમાં ક્રોધ-માન-માયા-લોભ ન હોય. ત્યાં આગળ વ્યવહાર સારો-ચોખ્ખો હોય. અગર તો જ્યાં આગળ ક્રોધ-માન-

માયા-લોભ ઉપર સંયમ રહેતો હોય ત્યાં સુધી ભગવાને ચલાવી લીધેલું છે !

## આંતરિક સંયમ તે જ શુદ્ધ વ્યવહાર

**પ્રશ્નકર્તા :** તો દાદા, લોકોને ઉપકારક થવા માટે મહાત્માઓને આ બાબતમાં કંઈક માર્ગદર્શન આપોને. કારણ કે આ લોકો તો વ્યવહાર જ જુએ છે.

**દાદાશ્રી :** વ્યવહાર જુએ, પણ આપણે એવું છેને, માર્ગદર્શન એ હોવું જોઈએ કે પોતાનામાં ભલે વ્યવહાર ગમે તે હોય પણ સંયમમાં આવેલો હોવો જોઈએ. સંયમ સુધી તો જવું જ પડશે ને ! પુરુષાર્થ થવો જોઈએ સંયમનો. સંયમ પોતાના હાથમાં છે. વ્યવહાર એટલે આચાર ને વાણી, એ બધું પરાધીન છે પણ સંયમ તો પોતાના હાથમાં છે ને ! સંયમ હોયને તો લોક ખુશ થઈ જાય. પેલા સો માણસ ઉગ્ર થયા હોય ને આપણે ઉગ્ર ન થઈએ, શાંત રહીએ, તો ખુશ ના થઈ જાય ? છાપ ના પડે કે ધેર ઈઝ સમથિંગ (ત્યાં કંઈક છે). એટલે આ ધીમે ધીમે આપણા મહાત્માઓમાં શક્તિઓ આવશે ને ! આ આંતરિક શક્તિ ઉત્પન્ન થઈ છે એમને. પણ બાહ્યસુખ, બાહ્યશક્તિઓ બહાર પ્રગટ થશે તેમ તેમ આ લોકો એક્સેપ્ટ કરશે. નહીં તો એક્સેપ્ટ કેમ કરે તે ? બહારની શક્તિઓ પ્રગટ થાય નહીં, તો શી રીતે એક્સેપ્ટ કરે ?

આ તમારે તો અંદર જે આંતરિક સંયમ છે, એ જ વ્યવહાર છે અને તે શુદ્ધ વ્યવહાર છે. હવે બહારનો વ્યવહાર એ નિકાલી વ્યવહાર છે. ખાલી સમભાવે નિકાલ જ કરવા જેવો છે, બીજું કશું કરવા જેવું નથી.

આપણો આ બધો કરારી માલ છે, એમાં તમારો શુદ્ધ ઉપયોગ જતો રહેતો નથી. એ માલ તો જેમ જેમ સમભાવે નિકાલ થતો જાય, તેમ તેમ તમારો સંયમ વધતો જાય. સંયમને જ 'પુરુષાર્થ' કહ્યો છે. જેમ જેમ સંયમ વધતો જાય, તેમ તેમ તેનો નિકાલ પણ જલદી થતો જાય. 'ઓટોમેટિક' થતું થતું બધું 'કેવળજ્ઞાન' પર આવી જાય.

## સંયમપૂર્વકનો વ્યવહાર પમાડશે પૂર્ણતા

આપણા આ વીતરાગ વિજ્ઞાનમાં, આપણું અક્રમ વિજ્ઞાન એ સંપૂર્ણ વ્યવહાર-નિશ્ચયનો માર્ગ છે. કારણ કે વ્યવહાર બિલકુલેય સંયમપૂર્વક થાય છે. વ્યવહાર કેવો થાય છે ? ગાળ ભાંડે તે ચંદુભાઈ, પોતે ના કહે છે, 'આમ નહીં હોવું જોઈએ' એ સંયમ તમારો. અને તમારા સંયમની કિંમત છે, ચંદુભાઈના સંયમની કિંમત નથી. એટલે આ સંયમપૂર્વકનો વ્યવહાર છે. એટલે આ વ્યવહારને અમે શુદ્ધ વ્યવહાર કહીએ છીએ અને શુદ્ધ વ્યવહારના બેઝમેન્ટ (પાયા) ઉપર શુદ્ધ નિશ્ચય કમ્પ્લિટ ઊભો રહ્યો છે. શુદ્ધ વ્યવહાર છે, ત્યાં આત્મા છે. જ્યાં સંયમપૂર્વકનો વ્યવહાર નથી, ત્યાં આત્મા પ્રાપ્ત થશે એવું માની શકાય નહીં. વ્યવહાર સંયમપૂર્વકનો હોવો જોઈએ.

**પ્રશ્નકર્તા :** એટલે મહાત્માઓને સમજવામાં જરા ગરબડ થાય છે.

**દાદાશ્રી :** ના, આ જ્ઞાન આપ્યા પછી તમારો શુદ્ધ વ્યવહાર જ હોય છે, પણ એ માને છે અવળું. ક્રિયા હિંસક દેખાય છે અને વ્યવહાર શુદ્ધ જ છે.

**પ્રશ્નકર્તા :** દાદાનું જ્ઞાન મળ્યા પછી અંદરથી સંયમ પરિણામ ઉત્પન્ન થાય છે.

**દાદાશ્રી :** સંયમ જ છે, પોતે જુદો જ છે. એટલે મહીં સંયમ પરિણામને લીધે એ શુદ્ધ વ્યવહાર જ કહેવાય છે. આ પરિણામ, એની પર સંયમ હોવાથી એ શુદ્ધ જ કહેવાય છે. આ અલૌકિક વિજ્ઞાન છે ! એ તો વ્યવહારમાં આમ આરપાર નીકળી જવો જોઈએ. આપણું જ્ઞાન વ્યવહારને આરપાર કરે એવું છે. અલૌકિક વિજ્ઞાન છે ! આ વિજ્ઞાન જો જાણવામાં આવે તો કલ્યાણ થઈ જાય આખા જગતનું !

**- જય સચ્ચિદાનંદ**

## ચરણવિધિ એ સિદ્ધ સ્થિતિમાં લઈ જનારો વ્યવહાર

**પ્રશ્નકર્તા :** હવે આ ચરણવિધિમાં જે બોલાય કે 'હું શુદ્ધાત્મા છું' ને 'અનંત જ્ઞાનવાળો છું', એ બધું શેમાં જાય ?

**દાદાશ્રી :** આત્મપક્ષમાં જાય. ચરણવિધિ તો તમારે દહાડે વાંચવાની. આ બીજી વિધિઓમાં આ નવ કલમો, નમસ્કાર વિધિ ને એ બધું આવે. તે ઊંઘેય આવી જાય તમને, તોય ચાલે. ઊંઘ પછી પાછો જાગ્રત થાય તો પેલી વિધિ પાછી ફરી ભેગી થાય તોય ચાલે. પેલી ચરણવિધિમાં એવું ચાલે નહીં, ટુકડા ના હોય એમાં.

**પ્રશ્નકર્તા :** તો દાદા, આ ચરણવિધિ કરીએ એનાથી શું ફાયદો થાય ?

**દાદાશ્રી :** આ ચરણવિધિ એ વ્યવહાર સિદ્ધનું સ્તવન છે, વ્યવહાર સિદ્ધ સ્તવન. એટલે સિદ્ધની સ્તવના છે આ. એટલે ખાસ કરવા જેવી વસ્તુ છે.

**પ્રશ્નકર્તા :** વ્યવહાર શુદ્ધ સ્તવન એટલે શું ?

**દાદાશ્રી :** સિદ્ધ સ્તવન. આપણને સિદ્ધ સ્થિતિમાં લઈ જનારો વ્યવહાર આ. એટલે ચરણવિધિ એટલા માટે જ આપેલી છે ને !

એકાદ વખત વાંચો છો (દરરોજ) ?

**પ્રશ્નકર્તા :** હા, પણ આ ચરણવિધિ કરીએ એ ચાર્જ ગણાય કે ડિસ્ચાર્જ ગણાય ?

**દાદાશ્રી :** એ ચાર્જ કહેવાય. જેને 'કરવી પડે' એમ કહીએને, એ ચાર્જ અને તેય આજ્ઞાપૂર્વકની છે વસ્તુ.

## ચરણવિધિ વર્તાવે છૂટાપણું, ડિસ્ચાર્જ પરિણામથી

ચરણવિધિ અને સિદ્ધ સ્તુતિ બેઉ ભેગું છે. ચરણવિધિમાં એ બન્ને છે, ચરણવિધિ ને સિદ્ધ સ્તુતિ બેઉ ભેગા છે. પુષ્ટિ એટલે મજબૂત બનાવે, એ જેમ જેમ વાંચે તેમ તેમ.

**પ્રશ્નકર્તા :** ચરણવિધિ આપણે બોલ બોલ કરીએ તો આપણને આત્માના અને અનાત્માના ગુણધર્મો ખબર પડ્યા કરે. એટલે જ્યારે કોઈ પણ પ્રસંગ આવે, અનુરૂપ પ્રસંગ આવે ત્યારે આપણને ખબર પડે કે આપણે છૂટા છીએ. (એ ટકાવી રાખવા) આ ગુણધર્મો ગા ગા કરે તો ચાલે ?

**દાદાશ્રી :** એવું છે ને એ ચરણવિધિ કરતો હોયને, ત્યારે વધારે છૂટાપણા જેવું લાગે. પણ જેણે ચરણવિધિ એકુંય વખત ના બોલી હોય પણ આ આત્મા પ્રાપ્ત કર્યો હોયને, એ પણ માંદગીમાં છૂટો રહે. ત્યારે એને ખબર પડે કે 'હું જુદો છું.' એ સ્વભાવ છે. આમાં તન્મયાકાર પરિણામ ના થાય. અને પેલું રોજ એ (ચરણવિધિ) કરતો હોય તેને તો વધારે પરિણામ આવે, ઊંચું પરિણામ આવે. પણ આ માંદગી એકલામાં છૂટો રહે, કશું ના કરતો હોય તોયે. આ જ્ઞાન આપેલું, છૂટું પડ્યું છે, તેનો અનુભવ માંદગી એકલામાં થાય. છે છૂટું જ, પણ આ તો શા માટે આવું બોલવું પડે છે ? પેલા બીજા ડિસ્ચાર્જના પરિણામ આવે છે, તેનાથી બધું મહીં એ થઈ જાય પાછું, ગૂંગળામણ, તે આ બધું બોલવાથી ઊડી જાય હડહડાટ. (પછી) ચોખ્ખું ને ચોખ્ખું રહ્યા કરે.

*(આપ્તવાણી શ્રેણી-૧૪ ભાગ-૪માંથી સંકલિત)*

## દાદાઈ જગકલ્યાણ મિશન - સત્સંગ હાઈલાઈટ્સ

**૨૦-૨૭ ડિસેમ્બર :** અડાલજ ત્રિમંદિર સંકુલમાં દાદાનગર ખાતે યોજાયેલ આપ્તવાણી શ્રેણી-૩ અને ૭ના દરમ્યાન આઠ હજારથી વધુ મહાત્માઓએ ભાગ લીધો હતો, જેમાં ભારતના વિવિધ રાજ્યોમાંથી આવેલા હિન્દીભાષી મહાત્માઓ, એન.આર.આઈ. મહાત્માઓ તેમજ સ્પેન, જર્મની, અમેરિકાથી આવેલા વિદેશી મહાત્માઓનો પણ સમાવેશ થતો હતો. પારાયણ દરમ્યાન આત્માના ગુણો પર અદ્ભુત સત્સંગ થયો હતો અને મહાત્માઓએ વધુ સ્પષ્ટીકરણ માટે ખૂબ પ્રશ્નો પૂછ્યા હતા. 'આત્માના ગુણો અને સ્વભાવ'ની વિસ્તૃત સમજ આપતી આપ્તવાણી શ્રેણી-૧૪ ભાગ-૪નું, સમજ સે પ્રાપ્ત બ્રહ્મચર્ય (પૂર્વાર્ધ) હિન્દી ગ્રંથનું તથા બાળકો માટેની દાદા ભગવાન ભાગ-૫ તથા કાર્ટુન વાર્તાઓની કોમિક પુસ્તકોનું પણ વિમોચન થયું હતું. આત્મગુણોની ભજનાની સામાયિકનો મહાત્માઓને બહુ સુંદર અનુભવ થયો હતો. આવતા પર્યુષણ પારાયણમાં આપ્તવાણી શ્રેણી-૧૩(પૂર્વાર્ધ) ગ્રંથનું પારાયણ થશે એવી જાહેરાત પૂજ્યશ્રીએ કરી હતી.

**૨૮ ડિસેમ્બર :** પારાયણ પછીના દિવસે શ્રી સીમંધર સ્વામી ભગવાનની ઘર-ઓફિસ માટે મહાત્માઓએ લીધેલી પ્રતિમાઓની પ્રાણપ્રતિષ્ઠા વિધિ પૂજ્યશ્રી દ્વારા થઈ, જેમાં ૭ ઈંચ થી ૪૫ ઈંચની ૧૦૦૦ જેટલી પ્રતિમાઓ હતી. પ્રતિષ્ઠા વિધિ દરમ્યાન સામૂહિકમાં વિધિ-પ્રાર્થનાઓ અને અસીમ જય જયકાર થયા હતા. બાદમાં મહાત્માઓએ પોતપોતાની મૂર્તિઓને પ્રક્ષાન-પૂજન કર્યું હતું. શ્રી સીમંધર સ્વામી અને સંગમેશ્વર દાદા ભગવાનની આરતી કરવામાં આવી હતી. અંતે મહાત્માઓ ગરબામાં માથા પર મૂર્તિ લઈ આનંદપૂર્વક ખૂબ નાચ્યા હતા. સમગ્ર વાતાવરણ દિવ્ય અને અલૌકિક બની ગયું હતું એવો અનુભવ સર્વેને થયો હતો.

**૩૧ ડિસેમ્બર :** નવ વર્ષની પૂર્વ સંધ્યાએ ત્રિમંદિરના જાયજેન્ટિક હોલમાં વિશેષ ભક્તિ કાર્યક્રમ યોજાયો હતો. પૂજ્યશ્રીએ રાત્રિના ૧૨ વાગે નવ વર્ષની શુભેચ્છા સાથે વિશેષ સંદેશમાં કષાયોને ભગાડી, જાગૃતિ-જ્ઞાન-સત્સંગ વધારવા પર ભાર મૂક્યો હતો.

**૨ જાન્યુઆરી :** પરમ પૂજ્ય દાદાશ્રીની પુણ્યતિથિ પર સાંજે ૧ કલાક જગત કલ્યાણાર્થે કીર્તન ભક્તિ તથા ૧ કલાક સ્પેશ્યલ સીડી બતાવવામાં આવી હતી. રાત્રે દાદાઈ ભક્તિપદોનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.

**૩-૪ જાન્યુઆરી :** ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં યોજાયેલ સત્સંગ-જ્ઞાનવિધિ દરમ્યાન ૧૪૦૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. સેવાર્થી સત્સંગમાં ૨૫૦ જેટલાં મહાત્માઓને પૂજ્યશ્રીના સત્સંગ-દર્શનનો લ્હાવો મળ્યો હતો. આપ્તપુત્ર દ્વારા ફોલોઅપ સત્સંગમાં પણ ૭૦૦ જેટલાં મહાત્માઓ આવ્યા હતા.

**૮-૧૨ જાન્યુઆરી :** પરીણિત બહેનો માટેની વિશેષ વાર્ષિક શિબિર આ વર્ષથી પાંચ દિવસ માટે યોજાવાની શરૂઆત થઈ. જેમાં ૪૫૦૦ જેટલાં દેશ-વિદેશના મહાત્મા બહેનોએ ભાગ લીધો હતો. પૂજ્યશ્રી દ્વારા 'અપેક્ષા' ટોપિક પર થયેલા વિશેષ સત્સંગથી, એ ટોપિક પર કરાવેલ એક્ટિવિટી દ્વારા લખીને સામાયિક કરવાથી તેમજ તે જ ટોપિક પર થયેલ ડ્રામાને કારણે બહેનોને આ સંબંધી ખૂબ જ નવી વાતો જાણવા મળી હતી અને દોષોના મૂળિયા સુધી પહોંચી શકાશે એવી દૃઢતા થઈ હતી. બ્રહ્મચર્ય પુસ્તકનું વાંચન અને તેના પર પૂજ્યશ્રીનો વિશેષ સત્સંગ પણ થયો હતો. આપ્તપુત્રી બહેનો દ્વારા બહેનોના વિવિધ ગ્રુપ માટે સત્સંગ પણ યોજાયા હતા.

**૧૪-૧૮ જાન્યુઆરી :** પરીણિત ભાઈઓ માટે પણ પાંચ દિવસીય વિશેષ વાર્ષિક શિબિરમાં ૨૧૦૦થી વધુ મહાત્માઓએ લાભ લીધો. જેમાં વિદેશોમાંથી ૨૦૦ એન.આર.આઈ. તેમજ ભારતના અન્ય રાજ્યોમાંથી ૬૦ જેટલા હિન્દી ભાષી મહાત્માઓ આવ્યા હતા. પૂજ્યશ્રી દ્વારા ગ્રીન પાસ ધારકો માટે 'અપમાનના દુઃખો, ભોગવટા અને અસરો' ટોપિક પર વિશેષ સત્સંગ થયો હતો. પાંચ દિવસ દરમ્યાન આપ્તપુત્રો દ્વારા સત્સંગ અને ગ્રુપ ડીસ્કશન, ગરબા, નાટક, આપ્તપુત્રો તથા મહાત્માઓના બ્રહ્મચર્ય સંબંધી અનુભવોની સેશન વિગેરે કાર્યક્રમો યોજાયા હતા. અંતિમ સેશનમાં 'અપમાન' ટોપિક પર વર્કશોપ થયું હતું, જેમાં ૧૦-૧૦ મિનિટની સામાયિકો પણ અલગ-અલગ અપમાનના પ્રસંગો પર કરવામાં આવી હતી. તેમજ બધા જ મહાત્માઓ માટે બ્રહ્મચર્ય પુસ્તકનું વાંચન અને તેના પર સત્સંગ થયો હતો. શિબિરથી મહાત્માઓને ખૂબ ઉઘાડ થયો હતો અને પોતાનો બ્રહ્મચર્ય તેમજ આત્મજાગૃતિ માટેનો નિશ્ચય વધુ પ્રબળ કર્યો હતો.

## Pujya Deepakbhai's UK-Germany Satsang Schedule (2015)

Contact no. for all centers in UK + 44-330-111-DADA (3232), email:info@uk.dadabhagwan.org

| Date | From | to | Event | Venue |
|---|---|---|---|---|
| 27-31 March | TBA | TBA | Satsang & Gnanvidhi | Germany - Willingen |
| 2-6 Apr-15 | All Day | All Day | UK Shibir | Pakefield |
| 8-Apr-15 | 7-30PM | 10PM | Satsang | Nagrecha Hall, 202 Leyton Road, London, E15 1DT |
| 9-Apr-15 | 10-30AM | 12-30PM | Aptaputra Satsang | |
| 9-Apr-15 | 6PM | 10PM | Gnanvidhi | |
| 10-Apr-15 | 7-30PM | 10PM | Satsang For Mahatmas Only | Wanza Community Centre, Pasture Lane, Leicester, LE1 4EY |
| 11-Apr-15 | 7-30PM | 10PM | Satsang | |
| 12-Apr-15 | 10-30AM | 12-30PM | Aptaputra Satsang | |
| 12-Apr-15 | 3PM | 7-30PM | Gnanvidhi | |
| 13-Apr-15 | 7-30PM | 10PM | Aptaputra Satsang | |
| 17-Apr-15 | 7-30PM | 10PM | Satsang in English | Harrow Leisure Centre, Christchurch Avenue, Harrow, HA3 5BD |
| 18-Apr-15 | 10-30AM | 12-30PM | Aptaputra Satsang in English | |
| 18-Apr-15 | 7-30PM | 10PM | Satsang | |
| 19-Apr-15 | 9-30AM | 12-30PM | Simandhar Swami Pratishtha | |
| 19-Apr-15 | 3PM | 7-30PM | Gnanvidhi | |
| 20-Apr-15 | 7-30PM | 10PM | Satsang | |

## પૂજ્ય નીરુમાને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત** ✦ 'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર) પર દરરોજ સવારે ૯ થી ૯-૩૦

✦ 'અરિહંત' ચેનલ પર દરરોજ સવારે ૧૦ થી ૧૦-૩૦ અને બપોરે ૩-૩૦ થી ૪

✦ 'દૂરદર્શન'-બિહાર પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦ અને રવિવારે સાંજે ૫-૩૦ થી ૬ (હિન્દીમાં)

✦ 'આસ્થા' પર દરરોજ રાત્રે ૧૦-૨૦ થી ૧૦-૪૦ (હિન્દીમાં)

**USA** ✦ 'TV Asia' - દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST

**Dubai** ✦ 'સબ' ટીવી પર દરરોજ સવારે ૩ થી ૩-૩૦ (હિન્દીમાં)

**Australia** ✦ 'સબ' ટીવી પર દરરોજ સવારે ૧૦ થી ૧૦-૩૦ (હિન્દીમાં)

**New zealand** ✦ 'સબ' ટીવી પર દરરોજ બપોરે ૧૨ થી ૧૨-૩૦ (હિન્દીમાં)

**USA-Canada-UK-Singapore** ✦ 'સબ' ટીવી પર દરરોજ સવારે ૮ થી ૮-૩૦ (હિન્દીમાં)

## પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત** ✦ 'દૂરદર્શન' નેશનલ પર મંગળથી શુક્ર, સવારે ૯-૩૦ થી ૧૦ (હિન્દીમાં)

✦ 'દૂરદર્શન'-ભોપાલ પર સોમથી શુક્ર બપોરે ૩-૩૦ થી ૪ (હિન્દીમાં)

✦ 'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર) પર દરરોજ બપોરે ૩-૩૦ થી ૪ (રવિવાર સિવાય) તથા રાત્રે ૯ થી ૯-૩૦

✦ 'સાધના' ટીવી પર દરરોજ સાંજે ૭-૧૦ થી ૭-૪૦ (હિન્દીમાં)

✦ 'અરિહંત' ચેનલ પર દરરોજ રાત્રે ૮-૩૦ થી ૯

✦ 'દૂરદર્શન - 'સહ્યાદ્રિ' પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦ (મરાઠીમાં)

**USA** ✦ 'TV Asia' - દરરોજ સવારે ૧૧ થી ૧૧-૩૦ EST

**Singapore** ✦ 'કલર્સ' ટીવી પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦ (હિન્દીમાં)

**Australia** ✦ 'કલર્સ' ટીવી પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ (હિન્દીમાં)

**New Zealand** ✦ 'કલર્સ' ટીવી પર દરરોજ સવારે ૯-૩૦ થી ૧૦ (હિન્દીમાં)

**USA-UK-Africa-Aus.** ✦ 'આસ્થા' પર દરરોજ રાત્રે ૯-૩૦ થી ૧૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૭૧૯)

# અમરેલી ત્રિમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં...

## તા. ૮ ફેબ્રુઆરી ૨૦૧૫ (રવિવાર)

**પ્રાણપ્રતિષ્ઠા :** સવારે ૧૦ થી ૧ -૩૦, **પ્રક્ષાલ-પૂજન-આરતી :** સાંજે ૪ થી ૭, **ભક્તિ :** રાત્રે ૮-૩૦ થી ૧૦
**સ્થળ : અમરેલી ત્રિમંદિર**, લીલીયા રોડ બાયપાસ ચોકડી, ખારાવાડી, અમરેલી. **સંપર્ક :** ૯૯૨૪૦૮૦૬૪૫
**વિશેષ સૂચના :** પ્રાણપ્રતિષ્ઠા કાર્યક્રમ માત્ર એક દિવસનો હોવાથી રહેવાની સુવિધા ઉપલબ્ધ નથી. જે મહાત્મા-મુમુક્ષુઓ પ્રતિષ્ઠાના દિવસે સીધા જ મહોત્સવ સ્થળ પર પહોંચશે, તેમના માટે બાથરૂમ-ટોઈલેટની સુવિધા રહેશે.

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં આગામી સત્સંગ કાર્યક્રમો

### અમરેલી

**૬ ફેબ્રુઆરી** (શુક્ર) સાંજે ૮ થી ૧૦-૩૦ - **સત્સંગ** તથા **૭ ફેબ્રુઆરી** (શનિ), સાંજે ૭ થી ૧૦-૩૦ - **જ્ઞાનવિધિ**
**સ્થળ :** અમરેલી ત્રિમંદિર, લીલીયા રોડ બાયપાસ ચોકડી, ખારાવાડી, અમરેલી. **સંપર્ક :** ૯૯૨૪૦૮૦૬૪૫

### વડોદરા

**૨૦-૨૧ ફેબ્રુઆરી** (શુક્ર-શનિ) સાંજે ૭ થી ૯-૩૦ - **સત્સંગ** તથા **૨૨ ફેબ્રુ.** (રવિ), સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**
**૨૩ ફેબ્રુઆરી** (સોમ) સાંજે ૭ થી ૯-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ**
**સ્થળ :** સમતા ગ્રાઉન્ડ, બા-બાપુજી ઉદ્યાન સામે, સુભાનપુરા, વડોદરા (ગુજરાત). **સંપર્ક :** ૯૯૨૪૩૪૩૩૩૫

### વલસાડ

**૨૪ ફેબ્રુઆરી** (મંગળ) સાંજે ૬ થી ૮-૩૦ - **સત્સંગ** તથા **૨૫ ફેબ્રુઆરી** (બુધ), સાંજે ૫ થી ૮-૩૦ - **જ્ઞાનવિધિ**
**૨૬ ફેબ્રુઆરી** (ગુરુ) સાંજે ૬ થી ૮-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ**
**સ્થળ :** તડકેશ્વર મંદિર ગ્રાઉન્ડ, ફ્લાય ઓવર બ્રિજ પાસે, અબ્રામા, વલસાડ. **સંપર્ક :** ૯૯૨૪૩૪૩૨૪૫

### સુરત

**૨૭-૨૮ ફેબ્રુઆરી** (શુક્ર-શનિ) સાંજે ૮ થી ૧૦-૩૦ - **સત્સંગ** તથા **૧ માર્ચ** (રવિ), સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**
**૨ માર્ચ** (સોમ) સાંજે ૮ થી ૧૦-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ**
**સ્થળ :** SMC પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશન પાસે, અઠવા લાઈન્સ (ગુજરાત). **સંપર્ક :** ૯૫૭૪૦૦૮૦૦૭

### અડાલજ ત્રિમંદિર

**૧૯ માર્ચ** (ગુરુ) સાંજે ૪-૩૦ થી ૧૦ - **પૂ. નીરુમાની નવમી પુણ્યતિથિ નિમિત્તે વિશેષ કાર્યક્રમ**
**૨૦-૨૧ માર્ચ** (શુક્ર-શનિ) સાંજે ૪-૩૦ થી ૭ - **સત્સંગ** તથા **૨૨ માર્ચ** (રવિ), સાંજે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**

---

### આપ્તવાણી-૧૪ ભાગ-૪નું 'દાદાવાણી'ના આજીવન-૧૫ વર્ષના સભ્યોને વિના મૂલ્યે વિતરણ

હાલમાં ડિસેમ્બર ૨૦૧૪ પારાયણ વખતે વિમોચન થયેલ આપ્તવાણી-૧૪ ભાગ-૪નું **૧ ફેબ્રુઆરીથી ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૫** સુધી ભારતમાં જ્યાં જ્યાં સત્સંગ સેન્ટર ચાલે છે, ત્યાંથી વિતરણ થશે. આ લાભ 'દાદાવાણી' મેગેઝિનના આજીવન તથા ૧૫ વર્ષના સભ્યોને વિના મૂલ્યે મળશે. આ માટે સભ્યોએ પોતાનો દાદાવાણી ગ્રાહક નં. જણાવવાનો રહેશે, જે દાદાવાણી મેગેઝિનના કવર પર લખેલ હોય છે. ઉપરોક્ત તારીખ બાદ આ લાભ મળી શકશે નહીં, માટે સભ્યોએ ઉપર જણાવેલ તારીખો દરમ્યાન આ ગ્રંથ મેળવી લેવાનો રહેશે.

---

**ત્રિમંદિરોના સંપર્કસૂત્ર : અડાલજ:** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦; **રાજકોટ :** ૯૨૭૪૧૧૧૩૯૩; **ભુજ** (૦૨૮૩૨) ૨૯૦૧૨૩;
**ગોધરા:** (૦૨૬૭૨) ૨૬૨૩૦૦; **મોરબી:** (૦૨૮૨૨) ૨૯૭૦૯૭; **સુરેન્દ્રનગર:** ૯૭૩૭૦૪૮૩૨૨
**અન્ય સેન્ટરોના સંપર્કસૂત્ર : અમદાવાદ:** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **મુંબઈ:** ૯૩૨૩૫૨૮૯૦૧; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫;
**U.S.A.-Canada:** +1 877-505-DADA (3232); **U.K.:** +44 330-111-DADA (3232); **Australia :** +61 421127947

ફેબ્રુઆરી ૨૦૧૫
વર્ષ-૨૦, અંક-૬
સળંગ અંક-૨૩૪

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. GAMC - 1143/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/23/2015
Valid up to 31-12-2017
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 1st of each month.

## પ્રકૃતિના ડિસ્ચાર્જથી પોતાનો અભિપ્રાય જુદો એ જ સંયમ

ચંદુભાઈ (ફાઈલ નં.૧) જે કંઈ કરે, કો'કને અહિતકારી હોય એવું કરે, કોઈકને ગાળો ભાંડે છતાં તમારો અભિપ્રાય તદ્દન જુદો જ હોય, કે 'આમ ના હોવું જોઈએ. શા માટે આવું કહો છો ?' એનું નામ સંયમ કહેવાય. ચંદુભાઈ જે કરે છે એ તમને અનુકૂળ ના આવે, તમારો અભિપ્રાય જુદો જ પડે ! ચંદુભાઈ કો'કની પર ગુસ્સે થઈ ગયા હોય, તો તમને ગમે નહીંને ? ચેન પડે નહીંને ? એ સંયમ. પ્રકૃતિથી પોતાનો અભિપ્રાય જુદો પડી જવો, એનું નામ સંયમ. એટલે જેમ બે માણસ જુદાં હોય એવી રીતે વર્તે, એનું નામ સંયમ.

- દાદાશ્રી

માલિક-મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - શ્રી ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, બેઝમેન્ટ, પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.